SATURDAY
૦૬-૦૩-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા વદ ૮
અંક : ૧૨૮
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..
# ચક્રવાત
રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડિટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ‘I Cannot Be Intimidated. I Cannot Be Bought.’ : ટાઈમના પ્રથમ પાને આ મથાળા સાથે દર્શાવાઈ આંદોલનકારી મહિલાઓ

# ખેડૂત મહિલા આંદોલનકારીઓ ટાઈમના મુખપૃષ્ઠ પર

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૫

અમેરિકાની પ્રતિષ્ઠિત ટાઈમ મેગઝીનએ પોતાના તાજેતરના અંકના કવર પેજ પર ખેડૂત આંદોલનમાં સામેલ મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું છે. કવર પેજ પર આંદોલનકારી મહિલાઓની તસવીર છે. તસવીરની આગળ લખ્યું છે- ‘ભારતના ખેડૂત વિરોધના મોરચા પર.’ નોંધનીય છે કે ત્રણ નવા કૃષિ કાયદાઓના વિરોધમાં દેશના અનેક ખેડૂતો દિલ્હીની સરહદો પર છેલ્લા ચાર મહિનાથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

**૮૫% ગ્રામિણ વિસ્તારની મહિલાઓ કૃષિ કાર્ય કરે છે પરંતુ માત્ર ૧૩ ટકા જ મહિલાઓ જમીન માલિક છે**

ટાઈમ મેગઝીને દીલ્હીના ટિકરી બોર્ડર પર ૨૦ મહિલાઓના એક સમૂહની તસવીર પ્રકાશિત કરી છે જેઓ ખેડૂત આંદોલનમાં સામેલ થવા પહોંચી હતી. ટાઈમ મેગઝીને જણાવ્યું છે કે કેવી રીતે







મહિલાઓ પણ વિરોધના મોરચા પર અડગ રહી છે. આર્ટિકલનું ટાઇટલ છે- ‘I Cannot Be Intimidated. I Cannot Be Bought.’ એટલે કે અમને ધમકાવી નહીં શકાય, અમને ખરીદી નહીં શકાય. આર્ટિકલમાં લખવામાં આવ્યું છે કે મોટાભાગની મહિલાઓ પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ગ્રામ્ય વિસ્તારથી દિલ્હી બોર્ડર પર પહોંચી હતી.

Time Magazineએ વધુમાં લખ્યું છે કે આ મહિલાઓ એ વાતથી હેરાન હતી કે, તેઓ દિલ્હીની આસપાસના વિરોધ પ્રદર્શન સ્થળો પર ખાવાનું બનાવવા અને સફાઈની સેવાઓ આપનારા કાર્યકર્તા હતી, ન કે આંદોલનમાં બરાબરીની હિસ્સેદારી રાખનારી. પશ્ચિમ ઉત્તર પ્રદેશના રામપુરની ૭૪ વર્ષીય જસબીર કૌરે ટાઈમ મેગઝીનને જણાવ્યું કે, અમારે કેમ પરત જવું જોઈએ? આ માત્ર પુરૂષોનું વિરોધ પ્રદર્શન નથી. અમે કોણ છીએ- શું ખેડૂત નથી? ઓક્સફામ ઈન્ડિયા અનુસાર, ૮૫ ટકા ગ્રામિણ વિસ્તારની મહિલાઓ કૃષિ કાર્ય કરે છે પરંતુ માત્ર ૧૩ ટકા જ કોઈ પણ ભૂમિની માલિક છે.

**ટાઇમ મેગઝીને જણાવ્યું છે કે કેવી રીતે મહિલાઓ પણ વિરોધના મોરચા પર અડગ રહી છે**

## બંગાળમાં તૃણમુલ કોંગ્રેસના ૪૨ મુસ્લિમ ઉમેદવારો સહિત ૨૯૪ ઉમેદવારો જાહેર

(જી.એન.એસ.)કોલકાતા,તા.૫

પશ્ચિમ બંગાળમાં થનારી આગામી વિધાનસભા ચૂંટણી માટે તૃણમૂલ કોંગ્રેસે ૨૯૧ ઉમેદવારોની યાદી બહાર પડી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કોલકાતામાં પોતાના કાલીઘાટ ખાતેના નિવાસસ્થાનેથી તમામ ઉમેદવારોની યાદી જાહેર કરી. આ સાથે જ તેમણે જણાવ્યું કે તેમની પાર્ટીએ ૩ બઠકો પોતાની સહયોગી ગોરખા જનમુક્તિ મોર્ચા માટે છોડી છે. પશ્ચિમ બંગાળની ૨૯૪ વિધાનસભા બેઠકો માટે ૮ તબક્કામાં મતદાન થશે.



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી નંદીગ્રામ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું કે હું ભવાનીપુર સીટને સોભનદેવ ચટ્ટોપાધ્યાય માટે છોડી રહી છું. હું ફક્ત નંદીગ્રામથી ચૂંટણી લડીશ. મમતા બેનર્જીએ ઉમેદવારોની યાદી જાહેર કરતા કહ્યું કે રાજ્યની ૨૯૪ વિધાનસભા બેઠકોમાંથી તૃણમૂલ કોંગ્રેસ ૨૯૧ બેઠકો પર ચૂંટણી લડશે.

## ન્યૂઝિલેન્ડમાં મોડી રાત્રે ૮.૧ની તીવ્રતાનો ભૂકંપ : સુનામીનું એલર્ટ

(જી.એન.એસ.)વેલિંગટન,તા.૫

વેલિંગ્ટનઃ ન્યૂઝીલેન્ડમાં કેરમાડેક દ્વીપની પાસે ભૂકંપના જોરદાર આંચકા મહેસૂસ થયા છે. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૮.૧ માપવામાં આવી છે. ન્યૂઝીલેન્ડમાં ત્રીજીવાર ભૂકંપના ઝટકા મહેસૂસ થયા છે. પહેલો ભૂકંપ રાતે લગભગ ૨.૨૭ વાગે નોર્થ આઈલેન્ડ વિસ્તારમાં આવ્યો હતો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૨ની હતી. ત્યારબાદ ૪ કલાક પછી કેરમાડેક દ્વીપ પાસે ૭.૪ની તીવ્રતાથી ભૂકંપના ઝટકા મહેસૂસ થયા હતા.

ત્રીજો આંચકો ૮.૨૮ વાગે (સ્થાનિક સમય સવારે) ૮.૧ની તીવ્રતાનો આવ્યો હતો. હાલ જાનમાલની હાનિના કોઈ સમાચાર નથી. પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ છે, જે સતત ઘૂમતી રહે છે. જ્યાં આ પ્લેટ્સ સૌથી વધુ ટકરાય છે તે ઝોન ફોલ્ટ ઝોન કહેવાય છે. વારંવાર ટકરાવવાના કારણે પ્લેટ્સના ખૂણા વળે છે. જ્યાં સૌથી વધુ દબાણ સર્જાય છે ત્યાં પ્લેટ્સ તૂટવા લાગે છે અને નીચેની એનર્જી બહાર આવવાનો રસ્તો શોધે છે. ત્યારબાદ ડિસ્ટર્બન્સ વધે છે અને ભૂકંપ આવે છે.

## આસામમાં ભાજપ ૭૦ ઉમેદવારો જાહેર ૧૧ વર્તમાન ધારાસભ્યોના નામની બાદબાકી

આસામ,તા.૫

આસામ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ૭૦ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કર્યું છે. જેમાં ૧૧ વર્તમાન ધારાસભ્યોની ટિકિટ કપાઈ છે. મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલ મંજુલી અને સ્વાસ્થ્યમંત્રી હેમંત બિસ્વ શર્મા જલુકવાડીની પરંપરાગત બેઠકો પરથી ચૂંટણી લડશે.




ભાજપે રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે કહ્યું હતું કે આસામ ગણ પરિષદ અને યુનાઈટેડ પીપલ્સ પાર્ટી લિબરલ (UPPL) સાથે ગઠબંધન કરીને પાર્ટી ચૂંટણી લડશે. આસામ ગણ પરિષદને ૨૬ અને UPPLને ૮ બેઠક અપાઈ છે. આસામમાં ભાજપે પોતાના સહયોગી દળો સાથે મળીને ૧૨૬ બેઠકોમાંથી ૧૦૦થી વધારે બેઠકોનો ટાર્ગેટ રાખ્યો છે. કોંગ્રેસ અને મૌલાના બદરુદ્દીન અજમલની પાર્ટી ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (AIUDF)ના ગઠબંધને તેની ચિંતા વધારી દીધી છે. કોંગ્રેસે ૬ પાર્ટી સાથે મહાગઠબંધન કર્યું છે. તેમાં AIUDF, CPI, CPM, CPM (ML) અને CAA છે.




## મોંઘવારીના માર પર વધુ એક ડામ : રેલ્વે પ્લેટફોર્મની ટિકીટમાં ત્રણ ગણો વધારો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૫

વિશ્વભરમાં કોરોના રોગચાળાની વચ્ચે રેલવે મંત્રાલયે પ્લેટફોર્મની ટિકિટની કિંમતોમાં વધારો કર્યો છે. મંત્રાલયનું કહેવું છે કે આ હંગામી ધોરણે લેવાયેલો નિર્ણય છે, જે યાત્રીઓની સુરક્ષા અને સ્ટેશનો પર વધુ ભીડ જમા થતી રોકવા માટે લેવામાં આવ્યો છે. આ નિર્ણય પછી પ્લેટફોર્મની ટિકિટની કિંમત હવે રૂ. ૩૦ થઈ ગઈ છે.



મંત્રાલયે જણાવ્યું હતું કે સ્ટેશનો પર ભીડને નિયંત્રિત કરવાની જવાબદારી ડિવિઝનલ રેલવે મેનેજરોની છે. કોરોના રોગચાળાને કારણે રેલવે દ્વારા યાત્રીઓના હિતમાં લેવાયેલો નિર્ણય છે, જેથી સ્ટેશનો પર થતી ભીડને રોકી શકાય. આ પહેલાં રેલવેએ ઓછા અંતરવાળી ટ્રેનોની ટિકિટની કિંમતોમાં વધારો કર્યો હતો, જેથી બિનજરૂરી પ્રવાસને અટકાવી શકાય. દેશમાં એક વર્ષ પહેલાં કોરોના સંક્રમણમાં સતત વધારો થતાં પ્લેટફોર્મ ટિકિટની સુવિધાને બંધ કરવામાં આવી હતી. લોકડાઉન પહેલાંના સમય પહેલાં ૧૮થી ૨૨ માર્ચ દરમ્યાન પ્લેટફોર્મની કિંમત વધારીને રૂ. ૫૦ કરવામાં આવી હતી. જેથી પ્લેટફોર્મ પર ભીડમાં ઘટાડો થયો હતો.

રેલવે યાત્રીઓ માટે વધુ એક મહત્ત્વની સુવિધા વધારી રહી છે. હવે ટ્રેનમાં તમે ડેબિટ કાર્ડ અથવા ક્રેડિટ કાર્ડથી ચુકવણી કરી શકશો. યાત્રી ભાડાની સાથે દંડની રકમ પણ આ સુવિધાથી કરી શકાશે.

## ઈમરાન બફાટ : ભારતથી પાક. આવતા ગરીબ દેશમાંથી અમીર દેશમાં આવ્યાનો અહેસાસ થતો

(જી.એન.એસ.)ઈસ્લામાબાદ,તા.૫

પાકિસ્તાન સંસદમાં ઈમરાન ખાને બહુમત સાબિત કરવાની છે ત્યારે ગુરૂવારે સાંજે નેશનલ ટીવી પર રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું. ઈમરાને કહ્યું કે, ૧૯૮૦ના દાયકામાં જ્યારે તે ભારતમાંથી ક્રિકેટ રમીને પાકિસ્તાન પરત ફરતો ત્યારે એવું લાગતું હતું કે, ગરીબ દેશમાંથી તે અમીર દેશમાં આવી ગયા. ધીમે-ધીમે ભ્રષ્ટ નેતાઓએ દેશને બરબાદ કરવાનું શરૂ કર્યું અને આજે સ્થિતિ કાઈક અલગ છે. ઈમરાન ખાને યાદ કર્યું કે, પાકિસ્તાન જ્યારે ભારતથી અલગ થયું ત્યારે પાકિસ્તાન પાસે દેશ ચલાવવા માટે રૂપિયા નહોતા, જે ભારતે આપ્યા હતા.

## મુંબઈમાં ફાસ્ટેગનો ઉપયોગ ન કર્યા છતાં વ્યક્તિના ખાતામાંથી પૈસા ગાયબ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૫

કેન્દ્ર સરકારે સમગ્ર દેશમાં હવે ફાસ્ટેગ જરૂરી કરી દીધુ છે. એટલે કે હવે હાઈવે પર ટોલ આપતા સમયે તેના પેમેન્ટ ફાસ્ટેગથી જ કરવું પડશે. ઓછુ બેલેન્સ રાખવા છતા પણ એકાઉન્ટમાંથી પૈસા કપાઇ રહ્યા છે. ફાસ્ટેગનો ઉપયોગ કર્યો ન હોવા છતા પણ એક વ્યક્તિના ખાતામાંથી પૈસા કપાઇ ગયા છે. આઈટી કર્મચારી વિનોદ જોશીના ફોન પર ત્રણ એસએમએસ આવ્યા હતા. આ એસએમએસમાં લખ્યું હતું કે તેના ફાસ્ટેગ એકાઉન્ટમાંથી ૩૧૦ રૂપિયા કાપવામાં આવ્યા છે. સમસ્યા એ છે કે પૂરા દિવસ કાર તેના ઘરે રહી હતી. તો ફાસ્ટેગ ખાતામાંથી રૂપિયા કેવી રીતે કાપવામાં આવ્યા? જોશીએ બનાવટી અથવા ક્લોન થયેલ ફાસ્ટેગના ડરથી આ અંગે તપાસની માંગ કરી છે. જોશીએ કહ્યું, ‘બુધવારે મેં મારી કારનો ઉપયોગ માત્ર પુત્રીને શાળામાં મૂકવા માટે કર્યો હતો. તેમની શાળા સેનાપતિ બાપટ રસ્તા પર છે.

હું પૂના-મુંબઈ એક્સપ્રેસ વેની આજુબાજુ પણ નહોતો. મારી પાસે સીસીટીવી ફૂટેજ છે જેમાં પૂરા દિવસ કાર ઘરે રહી હતી. તેમણે કહ્યું કે, સવારે આવેલા પહેલા એસએમએસમાં વાશી ટોલ પ્લાઝામાંથી ૪૦ રૂપિયા કાપવાની માહિતી મળી હતી. જોશીએ કહ્યું, બીજો એસએમએસ ૮.૪૦ વાગ્યે આવ્યો, જેમાં ખલાપુર ટોલ પ્લાઝા પર ૨૦૩ રૂપિયા કપાવાની માહિતી હતી.

## બંગાળમાં ભાજપ ગાંગુલીને આઈકોન બનાવી શકે છે

બંગાળ,તા.૫

સૌરવ ગાંગુલીને દાદા તરીકે પણ ઓળખવામાં આવે છે. દાદા એક રીતે તેમના નામનો પર્યાય છે. બંગાળીમાં દાદાનો અર્થ થાય છે મોટો ભાઈ. તેના પરથી એક અંદાજ લગાવી શકાય છે કે દેશમાં અને ખાસ કરીને બંગાળમાં સૌરવ ગાગુલેને કેટલો પસંદ કરવામાં આવે છે. બંગાળમાં ચૂંટણી પહેલા અને ૭ માર્ચે PM મોદીની રેલી દરમિયાન ગાંગુલી ભાજપમાં સામેલ થઈ શકે છે.BJP સૌરવ ગાંગુલીની સાથે જ બંગાળમાં ખૂબ જ જાણીતા લોકપ્રિય એક્ટર પ્રેસનજીત અને મિથુન ચક્રવર્તીને પણ પાર્ટીમાં લાવવાની કોશિશમાં સફળ થતી દેખાઈ રહી છે. તેઓ પણ PMની રેલી દરમિયાન જ BJPમાં સામેલ થઈ શકે છે. એટલે કે આ ત્રણ નામ BJPમાં જોડાઈ શકે છે. બંગાળનો હાલનો રાજકીય સીન સંપૂર્ણ રીતે બદલાઈ જશે. કારણ કે ત્રણેયનું બંગાળમાં ખૂબ જ મોટું ફેન ફોલોઈંગ છે.

BJP માટે સૌરવ ગાંગુલી એટલે પણ જરૂરી છે કારણ કે તે પછી બંગાળમાં હાલ કોઈ એવો ખૂબ લોકપ્રિય ચેહેરો નથી. જેના દમ પર વોટ મેળવી શકાય. CM બનવાની રેસમાં સૌથી આગળ દિલીપી ઘોષ છે, જોકે તેની પોપ્યુલારિટી આ સેલેબ્સ જેવી નથી. ગાંગુલીને વર્ષ ૧૯૯૬થી બંગાળમાં આઈકોન તરીકે જોવામાં આવી રહ્યાં છે. તેમણે પોતાની પ્રથમ ટેસ્ટમાં સદી ફટકારી હતી.

# નકલી પોલિસે નોકરીની લાલચ બતાવીને વિવાહિત મહિલા પર બળાત્કાર ગુજાર્યો



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

શિર્ડીની એક વિવાહિત મહિલાની ઓળખ આરોપી સાથે એક એપ પર થઈ હતી અને તેણે જણાવ્યું છે કે શિરડીમાં પોલીસ તરીકે ડ્યુટી બજાવતો હોવાની જણાવી નોકરીની લાલચ બતાવી અત્યાચાર ગુજાર્યાનું બહાર આવેલ છે. પોતે પોલિસ હોવાનું જુઠ્ઠાણુ ચલાવી પોલીસ વિભાગમા મહિલાની ભરતી કરવામાં મદદ કરવાનુ જણાવ્યુ હતુ તેમજ તેની સાથે શારીક સબંધ બાંધી લગ્ન કરવાનુ જણાવી તેને મારી અને છેતરપિંડી કર્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે નકલી પોલીસની ધરપકડ કરી છે.

બીડના હિવારાપડીના કિરણ મહાદેવ શિંદેએ મિશો એપ દ્વારા શિરડીની એક મહિલાને મળ્યો હતો. અને મિત્રતા કરી. તેણે બનાવટી આઈકાર્ડ અને પોલીસ હોવાના ફોટા પોસ્ટ કરીને શિરડી પોલીસ સ્ટેશનમાં નોકરી કરતો હોવાનું ખોટુ જણાવ્યુ હતુ. આ ઘટના સપ્ટેમ્બર ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ ની વચ્ચે બની હતી. પોલીસ ભરતીમાં મદદ કરવાનુ જણાવી તે મહિલાને તેના પતિને છોડીને તેની સાથે લગ્ન કરવા અને તેને ખુશ રાખવાનુ જણાવી. તેની સાથે શારીરિક સબંધ બળજબરીથી બાંધ્યો હતો. બાદમાં જ્યારે મહિલાને શંકા જતા તેને તે બાબતે વિચારતા તેને માર મારવામા આવ્યો હતો. ત્યાર બાદ પછી મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તેની ફરિયાદ નોંધ્યા બાદ પોલીસે છટકું ગોઠવી આરોપીની બસ સ્ટેન્ડ ખાતેથી ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન તેમને નકલી પોલીસ આઈકાર્ડ, પોલીસનો ડ્રેસ અને ફોટો મળ્યો.

પોલીસે કિરણ શિંદેની ધરપકડ કરી છે. ગુનાની તપાસ એપીઆઈ પ્રશાંત કંદોર કરી રહ્યા છે અને પોલીસ હવે તપાસ કરી રહી છે કે આરોપીએ અન્ય કેટલી મહિલાઓ સાથે આ પ્રમાણે છેતરપીંડી કરી છે.

### "કોડીનાર ના નામાંકિત વેપારી સાથે બેંક કર્મીએ ઉદ્ધતાઈ ભર્યું વલણ કરતા વેપારી આલમ માં ભારે રોષ"

# કોડીનાર એસ.બી.આઈ.બેંકમાં ગ્રાહકો સાથે ગેર વર્તનથી પ્રજામાં રોષ

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ, તા.૦૫

કોડીનાર એસ.બી.આઈ.બેંક એટલે હિન્દી ભાષી કર્મીઓ અને ગ્રાહકો વચ્ચે અવારનવાર થતી તકરાર નું મુખ્ય કેન્દ્ર, બેંક કર્મીઓ અને ગાહકો વચ્ચે કોઈ ને કોઈ બાબતે થતી તકરાર હવે વિવાદ નું કેન્દ્ર બની ચુક્યું હોય તેમ ગઈકાલે બેંક ના હિન્દી ભાષી કર્મીએ શહેરના અગ્રણી વેપારી દંપતી સાથે ગેર વર્તન કરતા આ અંગે વેપારી દ્વારા સંબધિત તંત્ર માં ધારદાર રજુઆત કરી બેંક કર્મી વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.આ અંગે ની વિગત મુજબ કોડીનાર ના ગેસ એજન્સી ના સંચાલક અશ્વિનભાઈ ગંભીર તેમની પત્ની સાથે એસ.બી.આઈ.બેંક માં બેંકિંગ કામ અર્થે જતા લાંબો સમય સુધી કામ ન થતા અને ગ્રાહકો ને સંતોષ કારક જવાબ આપવાના બદલે હિન્દી ભાષી અભિષેક નામ ના કર્મચારી એ પગ ઉપર પગ ચડાવી બીજી ખુરશી ઉપર પગ લાંબા કરી જાણે બેંક માં નહિ પણ બગીચા માં બેસ્યા હોય તેમ લાજવા ના બદલે ગરજી અશ્વિનભાઈ અને તેમની પત્ની સાથે ગેર વર્તન કરી તોછડો જવાબ આપી તમારે જે કરવું હોય તે કરી લેજો તેમ કહી લુખ્ખી દાદાગીરી કરતા આ અંગે અશ્વિનભાઈ ગંભીરે સંભધિત તંત્રમાં લેખિત રજુઆત કરી ઉદ્ધતાઈ વલણ કરનાર કર્મચારી વિરુદ્ધ તપાસ કરી બેંક ના સી.સી.ટી.વી. ફૂટેજ ચેક કરી કડક કાર્યવાહી કરી તેને સસ્પેન્ડ કરવા માંગણી કરી છે.આ કર્મચારીએ અગાઉ પણ ગ્રાહકો સાથે ગેર વર્તન કર્યા ના બનાવો બન્યા છે તેમ છતાં બેંક અધિકારીઓ આવા કર્મચારી ને છાવરી રહ્યા હોય અને તેના વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોય આ



કર્મચારી માતેલા સાંઢ ની જેમ ગ્રાહકો સાથે વર્તન કરી રહ્યો છે.

કોડીનાર એસ.બી.આઈ.બેંક એટલે અંધેરી નગરી ને ગંડુ રાજા જેવો ઘાટ જોવા મળી રહ્યો છે,બેંક માં બેંક ના ગ્રાહકો હિન્દી ભાષી કર્મચારીઓ ના ત્રાસ અને ગેર વર્તુણક થી ભારે ત્રાહિહામ પોકારી ચુક્યા છે.કોડીનાર એસ.બી.આઈ.બેંક ના અમુક આળસુ કર્મચારીઓ ના કારણે સંપૂર્ણ બેંક બદનામ થઈ રહી છે.ખાટલે મોટી ખોટ તો એ છે કે જ્યારે પણ બેંક કર્મચારીઓની ગેર વર્તુણક ની ફરીયાદ બેંક ના મેનેજર ને કરવામાં આવે છે તો આવા આળસુ અને બિન્દાસ્ત કર્મચારીઓ ને ટપારવા કે તેમની વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં ભરવાના બદલે મેનેજર કર્મચારીઓ નો પક્ષ લઈ તેમને છાવરી ગ્રાહકોને તુમાખી ભર્યા વલણ થી જવાબ આપી જે કંઈ ફરીયાદ હોય તેની લેખિત રજુઆત કરવાની માંગણી કરતા આજે બેંક કર્મચારી થી કંટાળેલા ગ્રાહક વેપારીએ મેનેજર ને લેખિત માં આપી અને બેંક કર્મીનો પગ લાંબા કરી ઉદ્ધતાઈ સાથે જવાબ આપતો ફોટો સોશ્યલ મીડીયા માં પણ વાઈરલ કરતા તેના પ્રત્યાઘાત માં સોશીયલ મીડીયા માં મોટી સંખ્યામાં લોકો એ મન ભરી ને એસ.બી.આઈ.બેંક ઉપર ગુસ્સો ઠાલવી પોતાનો રોષ વ્યકત કરતા સમગ્ર તાલુકા માંથી એસ.બી.આઈ ના કર્મચારી સામે ભારે રોષ સાથે ફિટકાર વરસી રહ્યો છે.એક તો દરેક માસની ૧ થી ૧૦ તારીખ સુધીમાં એસ.બી.આઈ.બેન્ક ની અંદર પગ મૂકવાની જગ્યા હોતી નથી, હાલ કોરોના મહામારી ચાલી રહી હોય અને તેની વચ્ચે પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવવુ અતિ મુશ્કેલ હોય આ સમયમાં બેંક દ્વારા સિનિયર સીટીઝનો માટે પેન્શન ઉપાડવાની ખાસ વ્યવસ્થા ઉભી કરી અને અલગ બારી ઉભી કરવાના બદલે ચાલુ કાઉન્ટરોમાં થી પણ અડધા ઉપરના ઓફિસરો મન પડે ત્યારે રિસેસ નો લાભ લઈ છે કલાકો સુધી લોકોને બેંકમાં પોતાના કામ અર્થે બેસી રહેવું પડે છે.

# વાંકાનેરના રંગપર નજીક નીલગાય સાથે બાઈક અથડાતા એકનું મોત

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૫

વાંકાનેર તાલુકાના રંગપર ગામ નજીક નીલગાય સાથે બાઈક અથડાતા આદિવાસી યુવાનનું મોત થયું હોવાનો બનાવ સામે આવ્યો છે જે બનાવની વાંકાનેર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મૂળ દાહોદના વતની અને હાલ વાંકાનેરના ભીમગુડા ગામ ખાતે રહેતા કાળીબેન મહેશભાઈ માવીએ વાંકાનેર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેના પતિ મહેશભાઈ રમણભાઈ માવી પોતાના બાઈક નં. જીજે ૨૩ છ્ઠ ૮૫૦૪ લઈને જતા હોય ત્યારે રંગપર ગામના બોર્ડ પાસે અચાનક રસ્તામાં નીલગાય આવી જતાં બાઈકને અકસ્માત નડયો હતો જેમાં તેમના બાઈક ચાલકને ગંભીર ઈજા થતા મહેશભાઈ માવીનું મોત થયું હતું. બનાવની ફરિયાદ પરથી વાંકાનેર તાલુકા પોલીસે આ અકસ્માતના બનાવની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મુખ્યમંત્રી વિજય રૂપાણીનો ગુજરાતને જળ સમૃદ્ધ રાજ્ય બનાવવાની પ્રતિબદ્ધતા રૂપ વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

ચક્રવાત ટીમ ગાંધીનગર, તા.૦૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને પાણીદાર-વોટર સરપ્લસ સ્ટેટ બનાવી જળ સમૃદ્ધ ગુજરાતની પ્રતિબદ્ધતા સાથે શરૂ કરાવેલા સુજલામ સુફલામ જળ અભિયાનનો ચોથો તબક્કો તા.૧ એપ્રિલ-૨૦૨૧ થી શરૂ થશે. રાજ્યના જળસંપત્તિ વિભાગને આગામી તા.૧ એપ્રિલ-૨૦૨૧થી તા.૩૧-૫-૨૦૨૧ દરમ્યાન આ રાજ્યવ્યાપી અભિયાન હાથ ધરવા મંજૂરી આપી છે. આ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જળસંગ્રહના મહત્વના કામોમાં તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમના ડિસીલ્ટીંગ અને રિપેરીંગ, હયાત જળાશયોનું ડિસીલ્ટીંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઈ, મરામત-જાળવણી તેમજ નદી, વોકળા, કાંસની સાફસફાઈને નદી પૂનઃ જિવીત કરવી જેવા વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. રૂપાણીએ ૨૦૧૮ના વર્ષથી રાજ્યમાં શરૂ કરાવેલા આ જળ સમૃદ્ધિ અભિયાન સુજલામ-સુફલામ જળ અભિયાન અન્વયે છેલ્લા ૩ વર્ષમાં રાજ્યભરમાં જળસંગ્રહ સ્ત્રોતની સાફ-સફાઈ અને વૃદ્ધિ કરવાના કામોમાં ૧૬,૧૭૦ તળાવો ઊંડા કરવામાં આવ્યા છે. એટલું જ નહિ, ૮૧૦૭ ચેકડેમ અને ૪૬૨ જળાશયોના ડિસીલ્ટીંગ, ૨૨૩૯ ચેકડેમના રિપેરીંગ, ૫૬૮ નવા તળાવોનું નિર્માણ અને ૧૦૭૯ નવા ચેક ડેમ મળીને સમગ્રતયા ૪૧,૪૮૮ કામો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૮,૩૨૩ કિ.મી. લંબાઈમાં નહેરોની અને ૫૧૧૩ કિ.મી. લંબાઈમાં કાંસની સફાઈ કરવામાં આવેલી છે. આ બધા જ કામોની સફળતાને પગલે છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ૪૨,૦૬૪ લાખ ઘનફૂટ જળસંગ્રહ ક્ષમતા વધી છે. સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત થયેલા આ કામો અને સારા વરસાદને પગલે રાજ્યમાં વિશાળ જળસંગ્રહ થવાથી ભૂગર્ભ જળસ્તર પણ ઊંચા આવ્યા છે. રૂપાણીના પ્રેરણા માર્ગદર્શનથી શરૂ થયેલા આ અભિયાનના કામોની રાષ્ટ્રીયસ્તરે નોંધ લઈ ગુજરાતના આ અભિનવ પ્રયોગને બિરદાવવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ ૨૦૨૦ના વર્ષમાં કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે પણ આ જળસંગ્રહ અભિયાન માટે રાજ્ય સરકારના તંત્રને પ્રોત્સાહિત કરતાં તા.૨૦ એપ્રિલ-૨૦૨૦થી તા.૧૦ જૂન-૨૦૨૦ સુધીના માત્ર ૫૧ દિવસના ટુંકાગાળામાં સુજલામ સુફલામ જળ અભિયાનના ત્રીજા તબક્કામાં ૧૧,૦૭૨ કામો લોકભાગીદારીથીઅને મ. ન.રે.ગા હેઠળ હાથ ધરીને ૩૦ લાખથી વધારે માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં આવી હતી. હવે આ અભિયાનનો ચોથો તબક્કો તા.૧ એપ્રિલ-૨૦૨૧થી તા.૩૧ મે-૨૦૨૧ દરમ્યાન રાજ્યભરમાં યોજાવાનો છે. સુજલામ સુફલામ જળ અભિયાનના કામો અંતર્ગત ખોદાણમાંથી મળતી માટીનો વપરાશ આસપાસના પ્રગતિ હેઠળના સરકારી કામો, ખેડૂતોના ખેતરમાં તેમજ જાહેર કામોમાં કરવામાં આવશે.

# સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામે ગ્રામજનોને કોરોના વેક્સિન અપાઈ

### જેમાં ૪૫ થી ૫૯ વર્ષ સુધીના લોકોને અપાય



ચક્રવાત ટીમ પ્રાચી, તા.૦૫

સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામે આજે કામરેજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ગામ જનોને કોરોના વેક્સિન આપવામાં આવી હતી. જેમાં ૪૫ થીપ૯ વર્ષ સુધીના લોકોને રસી આપવામાં આવી હતી. વેક્સિન લેનાર કોરોના વોરીયસ ને ૩૦ મિનિટ સુધી નિરીક્ષણ રૂમમાં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા જ્યાંકોઈને પણ આડ અસર થઈ ન હતી. આ વેક્સિન સંપૂર્ણ સુરક્ષિત છે તેવું કોરોના વોરીયસ એ જણાવ્યું હતું અને બીજા લોકોને રસી લેવા પણ કહ્યું હતું. આરોગ્ય સ્ટાફ માં ડોક્ટર અભિષેક ભારું તથા ડોક્ટર પરમાર સાહેબ તથા નસ સ્ટાફ મા શાંતીબેન ચાવડા તથા મનુ ભાઈ ઝણકાટ તથા શીતલબેન ચાંડપા તથા સંજયભાઈ નકુમ સહિતના સ્ટાફ દ્વારા ગ્રામ જનોલોકોને રસી આપવામાં આવી હતી. આ વેક્સિન કામગીરીમા ધામળેજ ગામના સરપંચ ઓઘડભાઈ વાળા તથા ઉપસરપંચ રતિલાલ ભાઈ ફુલ બારીયા તથા તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય શામજીભાઈ વંશ તથા જિલ્લા પંચાયતના સદસ્ય અરશીભાઈચાવડાએ હાજરી આપી હતી અને બીજા લોકોને કોરોના રસી લેવા અનુરોધ કર્યો હતો.

# ઊનાના કોબ-ચિખલી ગામની સરકારી જમીનમાં ગે.કા. જીંગા ફાર્મ ચલાવનાર ૬ શખ્સો સામે લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ નોધાઈ

### મામલતદારે નવાબંદર મરીન પોલીસમાં ૬ વિરૂધ્ધ ફરીયાદ નોધી

ચક્રવાત ટીમ ઊના, તા.૦૫

ઉનાના કોબ અને ચિખલી ગામની સરકારી જમીનમાં છેલ્લા ૧૧ વર્ષથી ગે.કા. ઝીંગા ફાર્મ બનાવી ખેડૂતોના નુકસાન પહોચાડતા ભૂમાફીયાઓ લાખો રૂપિયાની કમાણી ખાતા ૬ શખ્સો વિરૂધ મામલતદારે નવાબંદર મરીન પોલીસમાં લેન્ડ ગ્રેબીંગની ફરીયાદ નોધાવતા પોલીસ આગળ તપાસ હાથ ધરી તમામ શખ્સોને પકડી પાડવા કાર્યવાહી હાથ ધરેલ છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ લખમણ માંડણભાઈ ભાલીયા રહે. કોબ, જેશીંગ અરશીભાઈ શિંગડ રહે. લેરકા, બીજલ બચુભાઈ બાંભણીયા રહે.પાલડી આ ત્રણ શખ્સોએ છેલ્લા ત્રણેક વર્ષથી કોબ ગામની સરકારી જમીનમાં ગેરકાયદેસર કબ્જો જમાવી રાખી અંદાજીત ૧ થી દોઢ વિઘા ૨૪૦૦ ચો.મી. જમીનમાં તેમજ જીવા ભીખાભાઈ બાંભણીયા, લાભુબેન રાજાભાઈ કામળીયા, જેમલ લાખાભાઈ બાંભણીયા રહે. ચિખલી વાળાએ કોબ ગામની સરકારી સર્વે નં.૯૨ પૈકી ૧, સર્વે નં.૨૪ / પૈકી ૭ તથા સર્વે નં.૨૪/ પૈકી ૮ તેમજ ચિખલી ગામે સર્વે નં.૧૫૩/પૈકી-૨ તથા સર્વે નં.૧૬૮/ પૈકી-૧ છેલ્લા ૧૧ વર્ષથી કોબ અને ચિખલી ગામે સરકારી જમીનમાં કબ્જો કરી ૩૦ વીઘા જમીનમાં ઝીંગા ફાર્મ બનાવેલ આવેલ જેમાં દરીયાઈ ખાડી માંથી ૬૦૦ મીટર પાઈપ લાઈન તેમજ ગટર પાઈપ લાઈન પૂર્વમંજુરી લીધા વગર ગે.કા. નાખી અને જીંગા ફાર્મ શરૂ કરેલ હોય આ બાબતે અગાઉ ખેડૂતોના પાકને ભારે નુકસાન થતુ હોવાની રજુઆત કરવામાં આવેલ તેને ધ્યાને રાખી સરકારી જમીન ઉપર અને અધિકૃત રીતે પેશ કદમી કરી આર્થીક ઉપજ કરી મેળવી લાખો રૂપિયાની કમાણી ખાતા આ ૬ શખ્સો વિરૂધ ગુજરાત જમીન પચાવી પાડવા પ્રતિબંધ કાયદા હેઠળ ૪(૩), ૫(ઞ) સહીત લેન્ડ ગ્રેબીંગ એક્ટ મુજબ ઉના મામલતદાર કે એમ નિનામાએ નવાબંદર મરીન પોલીસમાં ફરીયાદ નોધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી કાર્યવાહી કરેલ છે. ઉના પંથકમાં સૈપ્રથમ આ ફરીયાદ નોધાતા ભૂમાફીયાઓમાં ફફડાટ મચી ગયેલ.

# ધોરાજીમાં માધવ ગૌસેવા દ્વારા ૨૧ કુંડી મારુતિ યજ્ઞતથા પાટોત્સવ કાર્યક્રમ



ચક્રવાત ટીમ ધોરાજી, તા.૦૫

ધોરાજી ખાતે માધવ ગૌ સેવા દ્વારા ૨૧ કુંડી મારુતિ યજ્ઞ તેમજ કષ્ટભંજન હનુમાન તૃતીય પાટોત્સવ માધવ ગૌસેવા મેદાન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને માધવ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ આ પ્રસંગે ધર્મપ્રેમી જનતા એ પણ લાભ લીધો હતો અને આ કાર્યક્રમને જરૂરિયાત મંદ લોકો ને રાસન કીટનું વિતરણ કરવામાં આવ્યું ત્યારબાદ છપ્પનભોગ ધરવામાં આવ્યો હતો અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતુ ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર સાહેબ ગૌતમ મિયાની સાહેબ તથા ધોરાજીના મામલતદાર જોલાપરા આરડીસી બેંકના ડિરેક્ટર લલીતભાઈ રાદડિયા વેપાર ઉદ્યોગ મહામંડળ ના લલીતભાઈ વોરા તથા ધોરાજી માધવ ગૌ સેવાના કાર્ય કરતા હોય આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઊઠાવી હતી અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને લોકોએ તેમની સેવાઓને બિરદાવી હતી.

# જેતપુરના બાપુની વાડી વિસ્તાર તેમજ ખોડિયાર મંદિર સામેના વિસ્તારમાં પ્રાથમિક સુવિધા આપવામાં આડોડાઈ સામે મોરચો

### સફાઈ, રસ્તા, સ્ટ્રીટલાઈટ, પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ માટે સદંતર ઉપેક્ષા દાખવવામાં આવી રહી હોવાની સ્થાનિકોની રાવ



ચક્રવાત ટીમ જેતપુર, તા.૦૫

જેતપુર નગરપાલિકા વોર્ડ નં ૭ ના આસપાસમાં આવેલ વિસ્તાર બાપુની વાડી વિસ્તાર તેમજ ખોડિયાર મંદિર પાસેના રહીશોએ આજે મોરચો કાઢ્યો હતો.

આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓના કામો માટે લાંબા સમયથી ઉપેક્ષા દાખવવામાં આવી રહી હોવાના અહેસાસને પગલે લોકો પહેલા વોર્ડ નં-૭ નગરપાલિકાના સદસ્ય ના ઘરે દોડી ગયા હતાં. અને રજુઆત કરી ત્યાર બાદ લાંબી રેલી રેલી કાઢી જેતપુર નવાગઢ નગરપાલિકાએ જઈ ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવામાં આવ્યું. આ વિસ્તારમાં રસ્તા, પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટલાઈટ, સફાઈ, જેવી પ્રાથમિક સુવિધાઓ માટે છેલ્લા ત્રણ વર્ષથી સતત અવગણવામાં આવી રહી છે. બે વર્ષ ઉપરાંતથી ફરિયાદોનો નિકાલ કરાતો નથી. તેવી હૈયાવરાળ ઠાલવાઈ હતી. હજુ પણ જો આ પ્રશ્નોને ઉકેલવા માટે દરકાર નહીં લેવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાનો કાર્યક્રમ અપાશે, તેવી ચિમકી આપવામાં આવી હતી.

# માછીમારોને આર્થિક નુકસાનથી બચાવવા ધારાસભ્યની માંગ

### ત્રણ બોટ ૧૮ માછીમારોનો પ્રશ્નો વિધાન સભામાં ઉઠ્યો

ચક્રવાત ટીમ ઉના, તા.૦૫

છાસવારે પાકિસ્તાન મરીન સીક્યુરીટી દ્વારા આંતર રાષ્ટ્રીય દરીયાઈ સીમા માંથી ભારતીય માછીમારો અને તેની કિંમતી બોટો સાધનો સાથે ઉઠાવી લઈ જઈ પાકિસ્તાન નાપાક પ્રવૃતિ કરતી હોય છે. તેને અટકાવવા ગુજરાત સરકારે કડક પગલા લેવા ઉના મત વિસ્તારના ધારાસભ્ય પુંજાભાઈ વંશએ વિધાન સભાગૃહમાં ચર્ચામાં ભાગ લેતા પ્રશ્નો ઉઠાવી આ બાબતે રોષ વ્યક્ત કરેલ છે. ધારા સભ્ય વંશએ ગંભીરતા પૂર્વક જણાવેલ કે કડક કાયદો બનાવેલ હોવા છતાં વારંવાર ભારતીય માછીમારોની બોટ ઉઠાવી જવાય છે. તાજેતરમાં વેરાવળ, પોરબંદરની ૩ બોટ ૧૮ માછીમારોને ઉઠાવી લઈ ગયોલ હોય તેના કારણે માછીમારોને આર્થિક નુકસાન થતું હોયને આર્થિક સંકડામણ અનુવતા માછીમારો અને તેની બોટને સુરક્ષીત માછીમારી કરી શકે અને ભવિષ્યમાં આવી ધટના ન બને તે અંગે સરકારે પગલા ભરવા માંગણી કરી છે.

### સ્ટેચ્યુ અનાવરણ તથા દેશ ભક્તિ ગીત સંગીત સંધ્યા કાર્યક્રમ

# અરણેજ ગામે શહીદ વિર જીતેન્દ્રસિંહ સોલંકી વિરાંજલિ કાર્યક્રમ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી,તા.૬

આજ રોજ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના અરણેજ ગામે અમર શહીદ વીર જીતેન્દ્રસિંહ સોલંકીના સ્મારક તેમજ પ્રતિમા અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો તેમજ શહીદો ના સન્માનમાં સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહ ના પ્રમુખ સંચાલક જેઠાભાઈ સોલંકી પૂર્વ સંસદીય સચિવ ગુજરાત રાજ્ય, કાર્યક્રમ ના પ્રમુખ સ્થાને શિક્ષણ નાયબ નિયામક બી. આર. જરગેલા, સમારોહ ના ઉદઘાટક પી. આઇ. કોડીનાર તાલુકા સંદીપસિંહ ચુડાસમા તેમજ તાલુકા વિકાસ અધિકારી રાણા ઓડેદરા, અરજણભાઈ ભજગોતર, મનસુખ ભાઈ ગોહિલ, અંબુજા નગરથી લોકનાથ શર્મા, મહેશ ભાઈ વાળા, સુભાષ ભાઈ ડોડીયા, પી. એસ. ડોડીયા, મણીબેન રાઠોડ, કિરણ સોસા, મહેશ ભાઈ વાળા, ભીખુભાઈ ગોહિલ, આબીદ શેખ, ભરતભાઈ સોલંકી, બાબુ ભાઈ ગાધે, સુભાષભાઈ વાઢેળ, સંજય વાળા, ડી. ડી. મકવાણા, રમેશભાઈ વાઢેળ, પ્રતાપ ભાઈ રાઠોડ, માનસિગભાઈ વાઘેલા, ગોરધનભાઈ રાઠોડ, રામસિંગભાઈ સોસા, માનસિગભાઈ સોલંકી, પ્રતાપ ભાઈ વાઢેળ, રમેશભાઈ ગાધે અને ક્યુમ જુણેજા,વિજયભાઈ વાઢેળ, ભરતભાઈ કાતીરા તેમજ અનેક નામી અનામી અગ્રણીઓ હાજર રહ્યા હતા અને ઉલ્લેખનીય છે કે નિવૃત આર્મીમેન પ્રમુખ ગીર સોમનાથ જિલ્લા રામભાઈ સારીયા, રમેશભાઈ પરમાર, ભાવેશભાઈ ગોસ્વામી તેમજ ભાવનગર જિલ્લામાં થી ઉપસ્થિત પ્રદીપસિંહ ગોહિલ, ઉના આર્મી ગ્રુપ, કોડીનાર આર્મી ગ્રુપ, એક્સ કોડીનાર આર્મી ગ્રુપ તેમજ ગુજરાત ભરમાંથી પધારેલા ફૌજી જવાનો, સમસ્ત



અરણેજ ગામના સર્વ સમાજના ભાઈઓ, બહેનો અને વડીલો તેમજ બાળકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત કોડીનાર અને ગીર સોમનાથ જિલ્લાના સામાજિક સંગઠનો, રાજકીય આગેવાનો, સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ શહીદ પરિવારને દાન કરનાર દાતાશ્રી દિપુભાઈ પઢીયાર, હરિભાઈ પઢીયાર, બાબુભાઈ ગાધે તથા વિશાલભાઈ ગાધે ગામ વડનગર સહ પરિવાર દ્વારા શહીદ પરિવારના શિક્ષણ અર્થે દાન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે સંસ્કૃતિક કાર્યક્રમ કે. જી. બી. વી. ની બાળાઓ દ્વારા રજૂ કરી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. તેમજ જિલ્લાના અગ્રગણ્ય પત્રકાર મિત્રો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને સુસારુ રીતે સફળ બનાવનાર સમગ્ર કાર્યક્રમને જીવંત કરી આપનાર જયાબેન ગોહિલ, રાજેશ સોલંકી, દુર્લભભાઈ સોલંકી, રામસિંગભાઈ સોલંકી, વજુભાઈ સોલંકી, માનસિગભાઈ સોલંકી,અને સમગ્ર આયોજક ટીમસમગ્ર કાર્યક્રમમાં હાજર મહેમાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં તે બદલ તેમનો શહીદ પરિવાર હ્રદયથી આભાર વ્યક્ત કર્યો હતો. શહીદના સન્માન વિરાંજલી કાર્યક્રમ માં હેમંત પરમાર,દિનેશ વાણવી,સેજલ ગોસ્વામી તથા સમગ્ર ગાયક કલાકાર ટીમ દ્વારા દેશ ભક્તિ ગીતોની રમઝટ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન અરણેજ ગામના તેમજ કોડીનાર તાલુકા અને ગીર સોમનાથ જિલ્લાના સર્વા સમાજના લોકો, સામાજિક, રાજકીય અગ્રણીઓ તેમજ સર્વે ભાઈઓ - બહેનો તેમજ કર્મચારીઓ, અધિકારીઓ અને રાષ્ટ્ર પ્રત્યે, શહીદો પ્રત્યે પુષ્પાંજલિ અપણ કરવા ખૂબ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# હવે ચેક બાઉન્સ થવો ભારે પડશે, સુપ્રીમ કોર્ટે અપનાવ્યુ કડક વલણ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૫

ચેક બાઉન્સ થવાના મામલા ઘણા વધી ગયા છે. જેને લઈને સુપ્રીમ કોર્ટે કડક વલણ દેખાડ્યુ છે. દ્રીર્ક્ષ્ટ્ક્ષ્ણ્ગ્નિ હર્જીદ્વીહંજ છર્ષ્ઠં, ૧૮૮૧ હેઠળ ચેક બાઉન્સના કેસમાં ક્રિમિનલ ઓફેંસ માનવામાં આવ્યુ છે. હવે કોર્ટ ઈચ્છે છે કે આવા કેસોનો વહેલી તકે સમાધાન થાય. સુપ્રીમ કોર્ટે અદાલતોમાં પેન્ડીંગ ૩૫ લાખથી વધુ કેસને 'વિચિત્ર' પરિસ્થિતિ ગણાવી અને કેન્દ્ર સરકારને સૂચન કર્યું કે આ સમસ્યાથી છૂટકારો મેળવવા માટે ચોક્કસ સમયગાળા માટે વધારાની અદાલતોની સ્થાપના માટે કાયદો ઘડવો. ચીફ જસ્ટિસ એસ.એ.બોવડેની અધ્યક્ષતાવાળી પાંચ જજની બેંચે કહ્યું કે બંધારણની કલમ ૨૪૭ હેઠળ કેન્દ્ર સરકારને ચેક બાઉન્સના મામલાઓને સોંપવાની સત્તા આપવામાં આવી છે અને તે તેની ફરજ પણ બને છે. બંધારણની આર્ટિકલ ૨૪૭ સંસદને સશક્ત બનાવે છે કે તે તેના દ્વારા બનાવેલા કાયદાના વધુ વહીવટ માટે કેટલીક વધારાની અદાલતોની સ્થાપના કરી શકે. તે સંઘની સૂચિથી સંબંધિત હાલના કાયદાઓના કિસ્સામાં પણ આ પ્રકારનું પગલું લઈ શકે છે. ખંડપીઠે કહ્યુ કે, કાયદાના વિકૃતિને લીધે, તેના અંતર્ગત પેન્ડિંગ કેસની સંખ્યા વધી રહી છે.

તંત્રીસ્થાનેથી......

# ગુજરાત રાજ્યનું દેવું વિક્રમ સ્તરે પહોંચ્યું, જવાબદાર કોણ?

ગુજરાતના નાણામંત્રી નીતિન પટેલે બુધવારે વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ રજૂ કર્યું, જેમાં રાજ્યની પ્રજા પર કોઈ નવા કરવેરા લાદવામાં નથી આવ્યા, પરંતુ ગુજરાતના ઋણના આંકડા ચોંકાવનારા છે. રાજકોષીય વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત લગભગ ૫૦,૫૦૧ કરોડ રૂપિયાનું વધારાનું દેવું કરશે. કોરોનાના વર્ષ દરમિયાન ગુજરાત સરકારની જીએસટીની આવક રૂપિયા ૨૫,૦૦૦ કરોડ ઘટી હતી. જીએસટીની આવક ઘટવા માટે મુખ્યત્વે લોકડાઉનને જવાબદાર ગણવામાં આવે છે, જે દરમિયાન મોટા ભાગના વેપાર-ધંધા બંધ હતા. ગુજરાતમાં પ્રથમ ક્વાર્ટર દરમિયાન જીએસટી વસુલાતમાં ૪૦ ટકા અને બીજા ક્વાર્ટરમાં ૧૫ ટકાનો ઘટાડો થયો હતો. પરંતુ લોકડાઉન સમાપ્ત થયા પછી ઓક્ટોબર-ડિસેમ્બરમાં ઉદ્યોગો ધમધમવા લાગ્યા હતા અને જીએસટીની વસુલાત પાંચ ટકા વધી હતી. જાન્યુઆરી ૨૦૨૧માં જીએસટીની વસુલાત વધીને રૂપિયા ૩૪૧૩ કરોડ સુધી પહોંચી હતી, જે એક વિક્રમ હતો. ફેબ્રુઆરી ૨૦૨૧માં આ વિક્રમ તૂટ્યો અને ગુજરાતે રૂપિયા ૩૫૧૪ કરોડની જીએસટીની આવક મેળવી હતી. બજેટ રજૂ કરતી વખતે નીતિન પટેલે દાવો કર્યો હતો કે જીએસટીની વધતી આવક આર્થિક રિકવરીના પ્રોત્સાહક સંકેત આપે છે. ગુજરાતે રૂપિયા ૨૫,૦૦૦ કરોડની જીએસટીની ઘટ સહન કરવી પડી, તેને રૂપિયા ૬૦૦૦ કરોડની સેસની આવક અને રૂપિયા ૯૨૦૦ કરોડની કેન્દ્રિય લોન દ્વારા આંશિક રીતે સરભર કરાશે. છતાં



**યાકુબ બાદી**
**તંત્રી**

જીએસટીની ઘટ રૂપિયા ૭૦૦૦ કરોડ જેટલી રહેશે. રાજ્ય સરકારની આવકમાં ગાબડું પડ્યું તેના કારણે સરકારે જાહેર દેવામાં વધારો કરવો પડશે. રાજકોષીય વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાત લગભગ ૫૦,૫૦૧ કરોડ રૂપિયાનું દેવું કરશે. ૩૧ માર્ચ ૨૦૨૦ના આંકડા પ્રમાણે રાજ્યનું કુલ જાહેર દેવું રૂપિયા ૨,૬૭,૬૫૧ કરોડ હતું. સુધારેલા અંદાજ મુજબ ચાલુ રાજકોષીય વર્ષ દરમિયાન ગુજરાતે જાહેર ઋણ સ્વરૂપે રૂપિયા ૬૧,૦૦૮ કરોડ એકઠા કર્યા હતા, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. આ બધાનો સરવાળો કરવામાં આવે તો ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષના અંતે ગુજરાત પર રૂપિયા ૩.૭૮ લાખ કરોડના જંગી દેવાનો બોજ હશે. આ દરમિયાન ગુજરાતના બજેટનું કદ પણ રૂપિયા ૯,૭૪૨ કરોડ જેટલું વધીને રૂપિયા ૨,૨૭,૦૨૯ કરોડ થયું હતું. જેમાં શિક્ષણ માટે રૂપિયા ૩૨,૭૧૯ કરોડ, આરોગ્ય માટે રૂપિયા ૧૧,૩૨૩ કરોડ અને શહેરી વિકાસ માટે રૂપિયા ૧૩,૪૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ વખતના બજેટમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે સરકારે રૂપિયા ૬૫૨ કરોડની વધારાની ફાળવણી કરી છે. રાજ્ય સરકાર આગામી વર્ષે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું વધારે દેવું કરવાની છે. આ વર્ષે સરકાર રૂ.૨.૯૯ લાખ કરોડનું દેવું કરવાની હતી તે જગ્યાએ લગભગ ૧૫,૦૦૦ કરોડનું વધારે દેવું કરી નાખ્યું છે. ગુજરાત જેવા રાજ્ય માટે આ રકમ બહુ મોટી છે કારણ કે ગુજરાતનું બજેટ જ રૂપિયા ૨.૨૭ લાખ કરોડનું છે અને તેની સામે દેવું બજેટ કરતા દોઢ ગણું છે જે ચિંતાજનક છે. આ વર્ષે કોરોનાના કારણે સરકારની મહેસુલી આવક ઘટી હોવાથી દેવું વધારવું પડ્યું તેવું કારણ આપવામાં આવે છે જે એક બહાનું છે.

## ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્દભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




### પ્રકરણ ૮૨

સાગર આવે એ પહેલાં મારે બે કામ પૂરા કરવાના હતાં. એક ભૂચર મોરીના મેળાની મુલાકાત અને બીજી પૂનાભાઈની મુલાકાત. મેળાને હજુ બે દિવસની વાર હતી. આજે સ્કૂલેથી છૂટીને સીધું પૂનાભાઈને મળવા જવાનું નક્કી કર્યું. રાજકોટથી આઠેક કિલોમીટર દૂર એક નાનકડા ગામના પાદરમાં જુના પતરાના ખખડધજ કહેવાય તેવા શેડમાં હું જઈ પહોંચ્યો.

આ મોટો શેડ બહારથી વૃદ્ધ દેખાતો હતો. પરંતુ અંદરથી ખાસ્સો જુવાન અને અપડેટ લાગતો હતો. ચારેબાજુ મોટી ઉંમરના વડીલોનું વૃદ્ધત્વ કામ કરી રહ્યું હતું. આંગણવાડીમાં બાળકોને સાચવાતાં હોય એમ અહીંયા વડીલોને સાચવવામાટેનું ïીહદ્ધïહોય એવું લાગતું હતું. એક જૂનવણી કહી શકાય તેવા ટેબલ પાસે જઈને હું ઉભો રહ્યો. "તમે જ પૂનાભાઈને ?"

એમની ઊંડી ઉતરી ગયેલી આંખોની દ્રષ્ટિ મારા સામે મંડાઈ. અકાળે વૃદ્ધ થઈ ગયેલો કરચલીવગરનો લિસ્સો ચહેરો, કાબરચિતરી દાઢી અને એની સાથે ભળી જાય એવા માથાના ઘેઘૂર વાળ, લાંબો સોટા જેવો દેહ, એમાં જૂનવણી ઓળખમાં ઓપતાં ચોરણીઅને ઝભ્ભો. હાથમાં પહેરેલું કડું. આબધામાં સહુથી આકર્ષક હતી એની પાણીદાર આંખો. સામેવાળાના મન અને શરીરને એક જ નજરમાં સ્કેન કરી લે એવુ તેજ હતું.

"હા, હું જ પૂનો, બોલને જુવાન મારું હું કામ પડ્યું વળી." એના અવાજમાં મર્દાનગી છલકાતી હતી.

મેં મારી ઓળખાણ આપી અને મેળાવાળી આખી ઘટના કહી. "મારે ટબુડી પેપ્સીની સ્ટોરી કવર કરવી છે. સાથે તમારો ઈન્ટરવ્યૂ પણ લેવો છે. આપશો ને ?"

"દીકરા તારે ઈન્ટરવ્યૂ ઉગતી જુવાનીના લેવાના હોય અમારા જેવા ખરતાં પાનના નઈ. તું મેળામાંથી મને ગોતી અહીં સુધી આવ્યો.તને કૈક તો દેખાયું હશે મારામાં અને મારા ધંધામાં...પાછો મારો મે'માન કેવાય. ખાલી હાથેય કેમ જાવા દેવો..! બેસીને ઈન્ટરવ્યૂ લેવો છે કે કારખાનામાં ફરતાં ફરતાં ?" તે જૂનવણી ખુરશીમાંથી આળસ મરડી ઉભા થતાં બોલ્યા.

"તમને જેમ ફાવે એમ. તમને જો વાંધો ના હોય તો હું આપણાં ઈન્ટરવ્યૂનું રેર્કોડિંગ કરું. કારણ કે સ્કૂલના પ્રોજેકટમાં મારે એ પ્રૂફ તરીકે સબમીટ કરવાનું હોય છે." મેં કેમેરો સજાવતાં કહ્યું.

"કાનજી તને ઠીક લાગે એમ. તારી સગવડ સચવાય એટલે ઘણું." એમણે ખિસ્સામાંથી બીડી કાઢીને સળગાવી.

હું કશું ચૂકવા માંગતો નહોતો. ઓડિયો અને વીડિયો બંને દ્વારા ઈન્ટરવ્યૂ લેવાનું નક્કી કર્યું. માઈક અને કેમેરો ઓન કરી મેં શરૂ કર્યું. "પૂનાભાઈ તમારી ઓળખાણ તમારી સ્ટાઈલમાં કંઈ રીતે આપશો."

"પૂનો.....એક ખાધે પીધે સુખી ખોરડાનું પાંચમાં નમ્બરનું વંઠેલું સંતાન. ત્યારે બાપને એ બધા ભાયું ભેગા રે'તાં. અમારી પંદરેક ભાંડેરાની ટોળકી. હું નાનપણથી ભારે ખેપની. ગામમાંથી કે સીમમાંથી મારા નામની રાવ ઘરે ના ગઈ હોય એવો કોક જ દી વીત્યો હશે. ભણતરના નામે મીંડું. ખેતર, ભેંસું અને દૂધની ડેરી. આ ત્રણેય વચ્ચેના આંટાફેરામાં મારું બાળપણ વીત્યું." પુનાભાઈએ બીડીની સટ લેવા પોરો ખાધો.

"વાહ.....એટલે તમે ખેતરને ખોળે અને પશુઓની સાથે ઉછર્યા. બાળપણ આટલું તોફાની રહ્યું હોય તો જુવાની કેવી હશે ?"

"મૂછનો દોરો ફૂટ્યો તે'દી નો હું બેલગામ હતો.અમારે સગપણ નાનપણમાં થઈ જાય. મારું પણ થઈ ગયેલું. પન કુદરતને બીજું કૈક મંજૂર હતું. એક દી આઠમના મેળામાં મધલી મળી. એની રૂપ, છટા, હલક અને માભો જોઈને હું એની પાછળ પાગલ બની ગયો. એનું અલ્લડપણું અને ચોટલો હાથમાં લઈને ફેરવવાની ટેવ. તે દી નક્કી કરી લીધું પણવું તો આની હાયરે નહીં તો કુંવારો રઈશ. બે વરહ એને ભુલાવવા બહુ દાખડો કર્યો. એ ય મારા પ્રેમમાં પાગલ હતી. મેં એને મેળવવા અને પણ મારાથી દૂર કરવા સામ,દામ, દંડ,ભેદ બધું અજમાવી લીધું. પણ એના પ્રેમ આગળ હું હારી ગયો. બેયે ઘરે વાત કરી. આપણે ત્યાં પેલા આબરૂ પછી જીવતર આવે. બેમાંથી એકેયના ઘરવાળા ના માન્યા." પૂનાભાઈએ ફરીથી બીડીની સટ લેવા પોરો ખાધો.

"એ જમાનાને પણ પોતાની લવસ્ટોરી હતી. આગળ શું થયું ?" મને એમની કહેવાની રીત ગમતી હતી. હું પૂનાભાઈના અવાજના પ્રેમમાં પડી ગયો હતો.

"કંઈ નઈ...એટલું સમજાય ગયું. વડીલોને છોકરા કરતાં આબરૂ વધુ વ્હાલી છે. એક દી પિત્તો ગયો. મધલીને એની ઘરે જઈને ઉપાડી. એના ગામના ચોક વચ્ચે ફેરા ફરી પૂછ્યું."બોલો હવે શું કરવું છે. અમને અપનાવી લેવા છે કે ધીંગાણે ચડવું છે...?" ચારેય કુટુંબ ત્યાં ભેગા થ્યા. મારી આખા મલકમાં રાડને લીધે કોઈએ હામે થાવાની હિમ્મત ના કરી. બધાય સમસમીને બેસી ગયાં. સમાધાન થયું ને ઘીના ઠામમાં ઘી પડી ગયું." પૂનાભાઈ પોતાની જુવાની યાદ કરતાં બોલ્યા.

"વાહ, લવમેરેજ અને એ પણ ગામ વચ્ચે સામી છાતીએ. અત્યારેય તમને જુવાનીના દિવસો યાદ આવતાં હશે ને." હું ધીમે ધીમે વાતોના પળ ઉખેળી રહ્યો હતો.

"એ પછી મધલી હારે મારો ઘરસંસાર ચાલુ થયો. એ દૂધમાં સાકાર ભળે એમ ભળી ગઈ. પછી ઉપરાઉપર ત્રણ વરહ દુકાળ પડ્યો. ઢોરને નિભાવવાના ફાંફા થઈ પડ્યા. કમને રાજકોટ આવવું પડ્યું. અહીં અમને બેય માણહને ગોઠી ગયું. અહીં જ પડતર જગ્યામાં વાડો વારી રહેવાનું ચાલુ કરી દીધું. બીજા બે વરહમાં ઠરીઠામ થઈ ગયાં.પણ ઘરે પારણું ના બંધાણું. ગામમાં વાતું થાવા લાગી. મને બીજા લગન કરી લેવાની સલાહુ મળવા લાગી. મધુ વાંઝણીના મહેણાં ખમી હકે એમ નહોતી. એની ના હોવા છતાં હું એક દી ધરાર એને ડોકટર પાહે લઈ ગયો.

ડોકટરે રિપોર્ટમાં કીધું તું 'મધલી મા બને એમાં મા અને બાળક બેયના જીવને જોખમ હતું.' પણ મેં મધલીને કીધું. 'તું તો એક હારે સાત છોકરા જણી હક એવી પાણીયારી છો. ખામી મારામાં છે. હું બાપ નહીં બની હકુ. તારે બીજા કોઈ હારે ઘર માંડવું હોય તો માંડી લે. પૂનો તને" હું બોલવાનું પૂરું કરું એ પેલા જ રાડ પાડીને એ બોલી." પૂના ખબરદાર જો આગળ બોલ્યો સો તો. જીભ કાપી લઈશ. આ મધલી તારા હાટુ સાત જનમ વાંઝણી રેવા તૈયાર છે." પૂનાભાઈનો સાદ ભારે થતો હોય એવું લાગ્યું.

"ઓહો...તમારે છોકરાં ના થયા પણ એને આ ટબૂડી પેપ્સી સાથે શું સંબંધ ?" મેં સાગરના મોંઢે મધુમાસીની નજરે આ સફર જાણી હતી.

"તેજારી બીઈને સાચવવી અને જીરવવી બવ અઘરી હોય. એમાંય એકાદ ટેક લઈ લેકે વાંકુ પડે એટલે વગર વાંકે બેય ને આખી જીદંગી ભોગવવું પડે." પૂનાભાઈ બીડી ઠારતાં બોલ્યા.

" એટલે હું કંઈ સમજ્યો નહીં..તમારે અને મધુ.....મધુમાસી...."આટલો કંટ્રોલ રાખવા છતાં મારા મોંમાંથી નીકળી ગયું. પૂનાભાઈએ અચાનક વીજળીનો ઝટકો લાગ્યો હોય એમ મારી સામે જોયું.

"મારી બેન ગીતા કહેતી જ્યારે સ્ત્રીને શું સંબોધન કરવું એ ના સૂઝે ત્યારે માસી કહીને બોલાવવા." મેં વાત વાળવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

પૂનાભાઈ મર્માળું હસ્યાં. "એ પછી મારી મધલી ગામ આખાની મધુમાસી બની ગઈ. ખુદનું છોકરુંના હોય છોકરા પર ભારે હેત. આજુબાજુના છોકરાવને દીકરાની જેમ સાચવે. વાડો આખો દી ભર્યો ભાદર્યો રે. આમ તો મારી મધલી કઠણ કાળજાની. પણ રાતની એકલતા ક્યારેક ના ઝીરવી હકે. ખુદના સંતાન ના હોવાનો ઝુરાપો મધરાતે ઊના ઊના આહુડાં રૂપે ઓશિકા પર થલવાતો. આવું જે દી બને એને બીજે દી એ જીવતરથી હારી ગઈ હોય એવી સાવ નંખાઈ ગયેલી લાગતી. પણ અમારો પ્રેમ એને સાચવી લેતો. થોડા દીમાં બધું સામાન્ય બની જતું."

મને આજે પૂનાભાઈની લવસ્ટોરી અને મધુમાસીના જીવનનું બીજું પાસું જોવા મળી રહ્યું હતું. "પૂનાભાઈ...અમારી પેઢી આવો પ્રેમ ના કરી શકે. એતો બ્રેકઅપ થયું હોય એના બીજા દિવસથી બીજી ગોતવાનું ચાલુ કરી દે."

"આ બધું વીત્યા પછી તું કે ઈ હારું લાગે. અમારા જેવા પ્રેમમાં વાતું વટે ચડી જાય તો ખોટા જીવતર હોમાય જાય. .... એ પછી મેં એનો ખાલીપો ભરવા નાનકડી પેપ્સી બનાવી વેચવાની ચાલુ કરી. નામ આપ્યું ટબૂડી પેપ્સી. મારે એમાં ખાલી મધલીના મોઢાનો ખિલખિલાટ કમાવો હતો. એબહુ ટૂંકા ટાઈમમાં હું કમાણો. એને સંતોષ હતો. પણ મારે એને હવે જગમાસી બનાવી હતી. જેથી એને છોકરા ના હોવાનો વસવાસો કોઈ દી ના રે. વગર સંતાને હજારો છોકરાની માસી બની જાય. પણ એને આમાં મારો પૈસા કમાવાનો લોભ દેખાણો. મેં 'ય એને તમારી ભાષામાં સરપ્રાઈઝ આપવા માટે ચોખવટ ના કરી. એ મારી સહુથી મોટી ભૂલ રહી ગઈ.

પછી તને કીધું એમ વાત વટે વઈ ગઈ. મરદના અહમ અને બાયુની જીદ આગળ ગમે એવા પ્રેમને આજીવન અબોલા કે વેરમાં ફેરતાં વાર ના લાગે. અમે બેયે ખુલા દિલે વાત ના કરી. મેં ઘર છોડ્યું અને કારખાનું કર્યું." પૂનાભાઈ અટક્યા.

"પછી શું થયું...આટલા વરસમાં તમે શું કર્યું ? તમે કે એને પાછા ભેગા થવાની ટ્રાય ના કરી." મેં પૂછ્યું.

"જીવતો માણસ જ પ્રેમ કરી જાણે. એનો પ્રેમ એક ઘા અને બે કટકા જેવો હોય. જેટલો પ્રેમ કરી જાણે એટલી નફરત પણ કરી જાણે. જે દી ઘર છોડ્યું તે' દી પૂનો મરી ગયો. મરી ગયેલા માણાની વાર્તા ના હોય. પછી ભલેને એ પાંચ વરહ જીવે કે પચા વરહ." પૂનાભાઈની અંદરનો મરદ હુંકાર કરતો બોલ્યો.

"અત્યારે મધુમાસી ક્યાં છે.તમને ખબર છે ?" મેં આખરી સવાલ કર્યો.

"ના, વાડો છોડ્યો તે દીનો ઈ બાજુ લમનોë નથી વર્યો. થોડા વરહ તો હું આ શેર છોડીને વયો ગ્યો તો. એ મારા વગર સુખી રઈ શકતી હોય તો ય હું રાજી હતો." એમના અવાજમાં પ્રેમની વેદના વર્તાઈ આવતી હતી.

મેં માઈક અને કેમરો બંધ કરીને કહ્યું. "મને ખબર છે. મધુમાસી ક્યાં છે. તમારી ભૂલ સુધારવાની ઈચ્છા હોય તો હું તમને એની પાસે લઈ જઈ શકું છું.."

મેં જાણે તેમને જીવતર આપી દીધું હોય એમ મારી સામે જોઈ રહ્યા.

**(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

**વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૬-૦૩-૨૦૨૧, શનિવાર, મહા વદ-૮, સૂર્યોદય-૬-૪૨, સૂર્યાસ્ત-૬-૨૩, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ અનુરાધા**

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ,લ,ઈ): આજે સમય થોડો મિશ્રિત પ્રભાવ લાવી રહ્યો છે. છેલ્લાં થોડા સમયથી નજીકના સંબંધો વચ્ચે ચાલી રહેલાં મનમુટાવ દૂર થશે.

» વૃષભ(બ,વ,ઉ): સામાજિક કાર્યોમાં આજે તમે વ્યસ્ત રહેશો. કોઈ અટવાયેલું પેમેન્ટ મળવાથી આર્થિક સમસ્યાનું સમાધાન થશે.

» મિથુન(ક.છ.ઘ): આજે કોઇ પ્રિય વ્યક્તિ સાથે મુલાકાત થશે. નજીકના સંબંધીઓ સાથે ગેટ-ટુ-ગેધરને લગતો પ્લાન પણ બનશે.

» કર્ક(ડ,હ): આજે તમને છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી કોઇ પરેશાનીનું સમાધાન મળશે. જેના કારણે ખૂબ જ વધારે રાહત અને તણાવમુક્ત અનુભવ કરશો.

» સિંહ(મ,ટ): આ સમયે પરિસ્થિતિ અનુકૂળ છે. તમારા કાર્યોને લગતી નીતિઓ ઉપર ચર્ચા-વિચારણાં કરો અને વધારે સુધાર લાવવાની કોશિશ કરો.

» કન્યા(પ,ઠ,ણ): ઘરની દેખરેખ અને રિનોવેશનને લગતી યોજના બનશે. સ્ત્રી વર્ગ માટે આજનો દિવસ ખાસ લાભદાયક રહેશે.

» તુલા(ર.ત.): કામ વધારે હોવા છતાં તમે તમારા રસના કાર્યોને લગતી ગતિવિધિઓ માટે સમય કાઢી શકશો. નાણાકીય સ્થિતિમાં થોડો સુધાર આવી શકશે.

» વૃશ્ચિક(ન.ય.): આજે પરિવાર સાથે થોડા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા પડી શકે છે, પરંતુ આ નિર્ણય પોઝિટિવ પરિણામ જ આપશે. કોઇ મિત્ર સાથે મુલાકાત ફાયદાકારક સાબિત થશે.

» ધન(ભ,ધ,ફ,ઢ): આ સમયે ગ્રહ સ્થિતિ તમારા પક્ષમાં છે. દરેક કાર્યને વ્યવસ્થિત રૂથી કરવાથી જલ્દી જ લક્ષ્યને પ્રાપ્ત કરી લેશો.

» મકર(ખ.જ.): આ સમયે પરિસ્થિતિઓ ખૂબ જ અનુકૂળ છે. કોઇ શુભ સમાચાર મળવાથી તમે તમારી અંદર આત્મવિશ્વાસ અને એક નવી ઊર્જા અનુભવ કરી શકો છો.

» કુંભ(ગ,સ,શ,ષ): કોઇ શુભ સમાચાર મળવાથી તમે તમારી અંદર વિશ્વાસ અને એક નવી ઊર્જા અનુભવ કરી શકો છો.

» મીન(દ,ચ,ઝ,થ): આજે તમારી મુખ્ય કોશિશ બધા કાર્યોને યોજનાબદ્ધ રીતે પૂર્ણ કરવાનો રહેશે. ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં પણ રસ વધશે.

# દુનિયા કેવડી છે? મારા વરના પગલાં જેવડી

" શું કિંમત સે..?"
"૪૫ રૂપિયા."
(અને તેમની ભાષામાં ખૂસુર ફુસુર)
" લેવું છે?"
મૌન....
"આ રૂમાલ?"
"૨૦ રૂપિયા."

(ફરીથી ખૂસુર ફુસુર) અને રૂમાલ હાથમાં લઈને જોવે છે.

" એક...." એક રૂમાલ તેના સાથળ અને પેટ વચ્ચે દબાવીને રાખી દે છે.

" આનું શું કીધું?" ફરીથી સોનેરી ચેન તરફ હાથ જતો રહે છે. તેના ચહેરા પર ચેન ખરીદવાની જીજીવિષા તરી આવે છે.

"હમણાં જ તો કીધું ૪૫ રૂપિયા...૫૦ માં ૫ ઓછાં....બોલો લેવો છે તો કાઢી દઉં."

અકળાવતું મૌન.....



વચ્ચે બીજી બે સ્ત્રીઓ પીનો, અને કેંચી લઈ ગઈ. હાથમાં ચેન પકડીને બેસેલી સ્ત્રીએ તે બંને સ્ત્રીઓના ચહેરા આશ્ચર્યથી જોયા કર્યા. વસ્તુ ખરીદ્યા પછી જન્મતો સંતોષભાવ તે સ્ત્રીઓના ચહેરા પરથી એ કળી ગઈ હોય તેમ તેણે ચેન ખરીદવા માટેનું ફરમાન કરી દીધું.

"કાઢી આપો.."

પેલા ભાઈએ ઝૂમખાંમાંથી એક ચેન ઉતાવળે કાઢી આપી. તેના હાથ જાણે કહેતા હતા કે 'આટલી નાની વસ્તુ પસંદ કરવામાં શું આટલી દેર લગાવવી..'

(ફરીથી આપસમાં ખૂસુર ફુસુર થયું) યાદ આવ્યું કે કપડાં ઘસવા માટે બ્રશ લેવાનું છે. સામે બીજા એક ભાઈ પાસે જઈને ખરીદી લઈશું તેવુ નક્કી કરીને ફરી પાછી માથાના બોળીયા જોવા લાગી ગઈ. તેની પણ કિંમત પૂછીને ન લીધાં. બીજી ત્રણ ચાર વસ્તુઓ જોઈ જોઈને મૂકી દીધી. અંતે ખરીદેલી થોડી વસ્તુઓનું સરવૈયું ૮૫ રૂપિયાને પહોંચી ગયું. તેનાં ચહેરા ઉતરી ગયા. રૂમાલ, બકલ, અને બીજી વસ્તુઓ જરૂરી હતી. પણ ચેન!! ચેન વગર તો ચાલશે તેવું વિચારીને ચેન ફરીથી એ ભાઈના હાથમાં ધરી દીધો. વેપારીના ચહેરા પર ખિન્નતા તરી આવી. તેને લાગ્યું કે સ્ત્રીઓએ નાહકનો તેનો સમય બરાબર કર્યો છે. તેણે તે સ્ત્રીના હાથમાંથી ચેન ઝુંટવી લીધો. તે ૪૫ રૂપિયા ન આપી શકવાની તેમની મજબૂરી કળી શકે એ પેહલા તે સ્ત્રીઓ પૈસાનું ચુકવણું કરીને બીજી તરફ ચાલતી થઈ ગઈ. જતાં જતાં પેલી સ્ત્રીએ લટકતાં ચેન તરફ નજર નાંખી. વેપારી બીજી કોઈ સ્ત્રીઓને વસ્તુઓ બતાવવામાં વ્યસ્ત થઈ ગયો હતો. તેને ગમતો ચેન હવામાં લટકતો રહ્યો.



**જિજ્ઞા પટેલ**
**"चरैवेति चरैवेति"**

વાત સાવ નજીવી છે. પણ એવી કેટલીય વસ્તુઓ, ભાવનાઓ, ઈચ્છાઓને ચેનની જેમ હવામાં તરતી છોડી દે છે કેમકે તેને પરવડે તેમ નથી. આખો દિવસ મજૂરી કરીને કમતી સ્ત્રીને ૪૫ રૂપિયાનો ચેન શા માટે ખરીદવો વ્યાજબી ન લાગ્યો? તેના પતિને નહીં ગમે તો? ચેન ગમે તો છે પણ એ ક્યાં એટલો જરૂરી છે? અને બીજા ઘણાં સવાલોને અધ્ધરતાલ રાખીને ચેનને ન ખરીદવો એ જ બહેતર છે તેવું કેટલીય સ્ત્રીઓ અવગણી નાંખે છે.

લેડી ગાગાએ એકવખત તેની એવોર્ડ સેરેમનીમાં આંસુ સાથે કહ્યું હતું કે "વિશ્વ ઘણી ઊંચાઈએ પહોંચી ગયું છે, છતાં સ્ત્રીઓ દુઃખી છે." હેલ્લારો ફિલ્મની અભિનેત્રી શ્રદ્ધા ડાંગરે કહેલુ "કેટલીક સ્ત્રીઓને એ પણ ખબર નથી કે તે દુઃખી છે.. કેમકે તે બીજી બધી સ્ત્રીઓને જોઈને એમ જ સમજે છે કે સ્ત્રીઓએ આવું જીવન જ જીવવાનું હોય છે."

કમલા હેરિસ પણ કહે છે કે એક સ્ત્રીએ અમેરિકાના પ્રમુખ બનવું કેટલું કપરું છે.

રસોડામાં રાંધતી સ્ત્રી, વેહલી સવારે વાસિંદૂ કરતી સ્ત્રી, પતિની હા માં હા ભરતી, છોકરું ઉછેરતી અને આજીવન લોકડાઉનમાં જીવતી સ્ત્રીઓના દુઃખો રતીભાર પણ ઓછા થયા નથી. મોર્ડન યુગની મોર્ડન સ્ત્રીઓ માટે મોર્ડન દુઃખો તૈયાર છે. મોબાઈલમાં માથું ઘુસાવીને પડ્યો રહેતો પતિ, સતત પોતાને લોક ચાહના મળે તેવું ઝંખતો પતિ, ટાઈમ પંકચુંઆલિટી માટેનો આગ્રહ, સારા ફિગર માટેની મહેચ્છા અને બીજું ઘણું બધું.

વિમેન્સ ડે ઉજવતાં લોકો તરસ લાગે ત્યારે પાણી માટે પત્નીને ઓર્ડર કરતાં હોય છે. આપણે જાતે પાણી ન પી શકીએ? પોતાના બાળક માટે શા માટે સ્ત્રીએ જ રાતે જાગવાનું? આજે તું સુઈ જા હું જાગીશ તેવું કહેવાની હિંમત કેટલા પુરુષોમાં છે? રસોડામાં પંખો નંખાવી દીધો છે કેમકે તને રસોઈ બનાવતાં ખૂબ ગરમી લાગે છે...તેવું કેટલાં ઘરમાં કહેવામાં આવ્યું છે? આજ રવિવારે મારે ઓફ ડે છે.. ચાલ આજ આપણે બેય મળીને કામ કરીએ. મારા ઘર માટે તારે પલંગ, ટીપોઈ લેવાની જરીર નથી તેવું લગ્ન વખતે કેટલાં છોકરાઓ કહે છે? પીરિયડ્સ વખતે થોડીક જવાબદારીઓ હું ઉપાડી લઈશ તેવું કોઈએ કહ્યું છે ક્યારેય? લે આ મારું એ. ટી. એમ. તું રાખ તેવું કેટલા પતિ કહે છે? તું પણ તારી દોસ્તો સાથે એકલી પીકનીક કરવા જઈ શકે છે તેવી આઝાદી બક્ષી છે ક્યારેય? અંધારું થયા પછી ઘરે આવતી પત્નીને ક્યાં હતી તેવું ન પૂછ્યું હોય તેવું કોઈ ભાગ્યે જ હશે. લગ્ન પછી પણ તારા શોખ પૂરા કરજે તેમ કહેતાં કોઈને બહુ ઓછા સાંભળ્યા છે.

આ વિમેન્સ ડે ઉપર તમારી પત્ની, બેન, માં, દીકરી, સખ કે ભાભીને થોડીક આઝાદી આપો. એમની પાસે બેસીને કહો કે "તને પણ તારી રીતે જીવવાનો હક છે."

## ગેરકાયદે પણ કાયદેસર થતી હત્યા!!

સાકર વગર મોળો કંસાર માં વિના સૂનો સંસાર. એક માં માટે ઉપરાંત બહેન, પત્ની, મિત્ર, માસી,કાકી જેવા કેટલાય રૂપ ધરાવે છે એટલે કહી શકાય કે માં રૂપી સ્ત્રી પાત્રથી જ દુનિયા ચાલે છે, જો સ્ત્રી ન હોત તો આટલી વિકસેલી દુનિયાની કલ્પના જ અશક્ય હોત. આવા જ વધુ ને વધુ વિકાસ માટે સ્ત્રીનું હોવું આ વશ્યક છે એ વાત તો પાક્કી પરંતુ જો સ્ત્રીને જન્મ જ લેવા ન મળે તો !

હા, વાત છે સ્ત્રી ભ્રૂણ હત્યાની.આપણા સમાજનું મહા કલંક એટલે સ્ત્રી ભ્રૂણ હત્યા. આધુનિક યુગમાં ભ્રૂણ હત્યાએ ભયંકર પગ પેસારો કર્યો છે. જેને લીધે સમગ્ર માનવજાતિ અશાંતિના ઉંબરે ઊભી છે. ગર્ભપાત જીવતા મનુષ્યની હત્યા છે, જે મર્ડર કરવા સમાન કૃત્ય છે. માતાના ગર્ભમાંથી માનવ બાળ જ ઉત્પન્ન થાય છે તેમ છતાંય કેટલાક લોકો દીકરી જન્મવાની હોય છે ત્યારે ગર્ભપાત કરવી નાખે છે જે કાયદાની દષ્ટિએ તો હવે ગેરકાયદે છે તેમ છતાં થાય છે. આવા સમયે સ્વાભાવિક પ્રશ્ન થાય કે દીકરીનો વાંક શું ? એવું તે શું છે જેથી તેને નકારવામાં આવે છે ! તે માટેનું બહુ સ્પષ્ટ અને દેખીતું કારણ છે કે હજુયે ઘણા અશિક્ષિત પ્રાંતમાં દીકરીને સાપનો ભરો માનવામાં આવે છે તે માટે આ પ્રજાનું ઈલ્લો જીકલ લોજિક એવું હોય છે કે જો દીકરી જન્મ લેશે તો તે કંઈ આપવાની તો છે નહિ ઉલટું તેની સંપૂર્ણ પરવરિશ કરીને તેને નવી નકોર ગીફ્ટની જેમ બીજાને આપી દેવાની તેમ છતાંય કદાચ કોઈ તેને સ્વીકારવા તૈયાર ન થયું તો તેના માટે દહેજ કે અન્ય કોઈ સ્વરૂપે લાલચ આપવાની જેથી કોઈ તેને સ્વીકારે. અને સાસરે ગયા પછી તેની પાસેથી સેવા ચાકરી કે બીજા કોઈ વળતરની અપેક્ષા રાખી ન શકાય. વળી આખી જિંદગી તેની સાથે કોઈ અઘટિત ઘટના ન બને તે પણ જોવાનું નહિતર દીકરીની જિંદગી તો બરબાદ થાય સાથે સાથે પરિવાર પણ ક્યાંય મોં દેખાડવા લાયક ન રહે. આમ દીકરીને જન્મ આપવાથી કોઈ ફાયદો નથી થવાનો



**શાહ ધ્વનિ**
**ધ્વનિના સથવારે**

આવી માનસિકતા ધરાવતા લોકો સ્ત્રી ભ્રૂણ હત્યાના પાપના કાર્યને સમર્થન અને વેગ આપતા હોય છે. ગર્ભપાત કરવા માટે કતર જેવું હથિયાર અંદર નાખીને જીવતા બાળકને તેના વડે વીંધી નાખવામાં આવે છે. ગર્ભમાં તરફડતું બાળક લોહીલુહાણ થઈ અસહ્ય વેદના ભોગવી મૃત્યુને શરણ થાય છે. પછી એક ચમચી જેવા સાધનની મદદથી બાળકના ટુકડા બહાર કાઢવામાં આવે છે. ખીમો થઈ ગયું મગજ, લોહી દદડતા આંતરડા, બહાર નીકળી પડેલી આંખો, દુનિયામાં જેણે પહેલો શ્વાસ નથી લીધો તેવા ફેફસાં, નાનકડું હૃદય, હાથ પગ બધું જલ્દીથી બહાર કાઢીને ફેંકી દે છે, બાળકને અંદર તરફડીને મરી જવા માટે પૂરતો સમય પણ આપતો નથી. અંધારામાં તીર મારવા જેવું ઓપરેશન છે. જો કાતિલ ખૂનીઓ, ડાકુઓ અને કસાઈઓ આ દેશની ભ્રૂણ હત્યાના આવા બે ચાર ઓપરેશન જોઈ લે તો કદાચ તેઓ પોતાના આવા ક્રૂર કૃત્ય છોડી સાધુ બની જાય !

અહીં મહત્વની અને નવાઈની વાત તો એ છે કે સાડા ત્રણ થી ચાર મહિને જ્યારે જાતિ પરીક્ષણ થઈ શકે છે ત્યારે ગર્ભપાત કરાવવા માટે માતાની સંમતિની જરૂર પડે છે. અર્થાત્ જો ગર્ભપાત થાય છે તો તેની માટે જવાબદાર માતા જ હોય છે.જોકે તે માતા પણ કોઈને કોઈ મજબૂરીથી જ આવું કરાવવા તૈયાર થતી હોય છે તેમ છતાંય આ વિષય જ્યારે સ્ત્રીનો છે ત્યારે આવા પાપ અને કલંકને રોકવા માટે રૂપે સ્ત્રી જ બાળકી રૂપે ગર્ભમાં રહેલી સ્ત્રીની રક્ષા કરી શકે બીજું કોઈ નહિ. જો સ્ત્રી જ અડીખમ રહે કે ચાહે કંઈપણ થાય દીકરીને લીધે ગર્ભપાત નહિ જ થાય તો ભલભલાની બળજબરી છતાં સમાજના આ કલંકને રોકી શકાય છે, જે માટે શિક્ષણ અને સમાજની બહોળી વિચારધારા ખૂબ આવશ્યક છે.

નિર્માણોકે પાવનયુગમેં હમ ચરિત્ર નિર્માણ ન ભૂલે,
સ્વાર્થ સાધનાકી આંધીમે વસુધાકા કલ્યાણ ન ભૂલે.

यत्र ना नार्यंतु पूज्यते रमन्तु तत्र देवता। અર્થાત્ જ્યાં નારીઓને સત્કરવામાં આવે છે ત્યાં દેવતા પ્રસન્ન થાય છે.

### ૨૦૨૧માં આર્થિક સર્વેનું મોટું કારણ આવ્યું બહાર

# કોરોનાને કારણે મહારાષ્ટ્ર રાજ્યનો વિકાસ દર ઘટી ફક્ત ૮ ટકા થશે

### ૨૦૨૦-૨૧ સુધીમાં રાજ્યને ૨૭,૧૪૩ કરોડ રૂપિયાની એફડીઆઈ પ્રાપ્ત

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

રાજ્યના નાણાં પ્રધાન અજિત પવારે આજે વિધાનસભામાં રાજ્યનો આર્થિક સર્વે અહેવાલ રજૂ કર્યો. આર્થિક સર્વેએ રાજ્યના અર્થતંત્રને સખત અસર પહોંચાડી છે. આર્થિક સર્વે અહેવાલમાં એવો અંદાજ લગાવવામાં આવ્યો છે કે રાજ્યનો વિકાસ દર ધીમો થઈને ૮ ટકા થવાની ધારણા છે. આ ઉદ્યોગમાં ૧૧.૩ ટકા, સેવાઓ ૯ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૧૧.૩ ટકાનો અને બાંધકામમાં ૧૪.૬ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. સંતોષકારક રીતે, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ૧૧.૭ ટકાનો વિકાસ થવાનો અંદાજ છે. નાણામંત્રી અજિત પવારે આજે વિધાનસભામાં આર્થિક સર્વે અહેવાલ રજૂ કર્યો.

તદનુસાર, ૨૦૨૦-૨૧ ના નજીવા કુલ સ્થાનિક ઉત્પાદનમાં ૨૦૧૯-૨૦ ની તુલનામાં રૂ.૧,૫૬,૯૨૫ કરોડનો ઘટાડો થવાની સંભાવના છે. સારા ચોમાસાને લીધે, વર્ષ ૨૦૨૦-૨૧માં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ૧૧.૭ ટકા વૃદ્ધિની અપેક્ષા છે. ૨૦૨૦-૨૧માં ઉદ્યોગ અને સેવાઓ ક્ષેત્રમાં અનુક્રમે ૧૧.૩ ટકા અને ૯.૦ ટકાનો ઘટાડો થવાની ધારણા છે.

આનો અર્થ એ કે ઉદ્યોગ ક્ષેત્રને સખત ફટકો થવાની સંભાવના છે. તેથી, આ આર્થિક સર્વેક્ષણ અહેવાલમાં દર્શાવેલ છે કે આગામી સમયગાળો



રાજ્ય માટે ખૂબ જ આર્થિક રહેશે. રાજ્યના કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) માં ૮ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે, પરંતુ રાજ્યનો જીડીપી ૭.૭ ટકા અને દેશનો ૫ ટકાનો અંદાજ છે.

૨૦૨૦-૨૧ના બજેટના અંદાજ મુજબ રાજ્યનો મહેસૂલ ખર્ચ ૬૮.૭ ટકા થશે, એમ અહેવાલમાં જણાવાયું છે. નાણાં પંચની ભલામણો મુજબ, કેન્દ્રને ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ સુધીમાં રૂ. ૩,૩૭,૨૫૨ કરોડની અપેક્ષા છે. આમાંથી ૭૦,૩૭૫ કરોડ રૂપિયા સબસિડી અનુદાન આપવામાં આવશે તેમ રિપોર્ટમાં જણાવાયું છે. ઓક્ટોબર ૨૦૨૦ સુધીમાં, ૩૭,૮૮૭ કરોડના નવા પ્રોજેક્ટ્સ નોંધાયા. સપ્ટેમ્બર ૨૦૨૦-૨૧ સુધીમાં રાજ્યને ૨૭,૧૪૩ કરોડ રૂપિયાની એફડીઆઈ પ્રાપ્ત થઈ છે. વર્ષ ૨૦૧૯ માં રાજ્યમાં ૧૪.૯૩ કરોડ સ્થાનિક પ્રવાસીઓ અને ૫૫ લાખ વિદેશી પર્યટકો આવ્યા છે. રાજ્યમાં જૂન ૨૦૨૦ સુધીમાં ૧.૧૩ લાખ કરોડનું રોકાણ થવાની સંભાવના છે, જેનાથી ૨.૫ લાખથી વધુ રોજગારી મળે તેવી સંભાવના છે. સમૃદ્ધિ હાઈવે માટે ૦૨.૩ ટકા જમીન સંપાદન કરવામાં આવી છે. કોસ્ટલ રોડનું કામ ૨૦ ટકા પૂર્ણ થયું છે. એકીકૃત મહાત્મા જ્યોતિબા ફૂલે જનઆરોગ્ય યોજનામાં ૪,૭૪૪ કરોડના ખર્ચે ૪.૪૪ લાખ સર્જરી કરવામાં આવી છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રાજ્યમાં ૭ લાખ ૮૧ હજાર ૮૦૦ કોવિડ યોદ્ધાઓની રસી આપવામાં આવી છે.

# અંબાણી બંગલા બહાર પાર્ક કરાયેલી સ્કોર્પિયોના માલિકની આત્મહત્યા

### મનસુખ હિરેને કલવાની ખાડીમાં પડતું મૂક્યું

ચક્રવાત ટીમ મુંબઈ તા ૫

મુકેશ અંબાણીના એન્ટિલિયા બંગલા નજીક પાર્ક કરાયેલી સ્કોર્પિયો ગાડીના માલિક મનસુખ હિરેને કલવાની ખાડી માં પડતું મૂકી જીવનનો અંત આણ્યો હતો. પોલીસે અકસ્માત મૃત્યુ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. સ્કોર્પિયો ગાડીમાં જિલેટીન સ્ટીક તેમ જ અંબાણી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતો પત્ર અને ચાર નંબર પ્લેટ મળી હતી. પોલીસે આ સંદર્ભે મનસુખની પૂછપરછ કરી હતી જો કે તેમણે ૧૭ ફેબ્રુઆરીના તેમની ગાડી ચોરી થઈ હોવાની વિક્રોલી પોલીસમથકમાં ફરિયાદ કરી



હોવાનું જણાવ્યું હતું.

પોલીસને હજી સુધી સ્કોર્પિયોનો ડ્રાઈવર જે સાથે આવેલી સફેદ ઈનોવા કારમાં ભાગી છૂટયો છે તેની તેમ જ ઈનોવા કાર નો પત્તો નથી મળ્યો. મુલુંડ ચેકનાકા બાદ આ કાર પડઘા અને થાણે વચ્ચે ગુમ થઈ ગઈ છે. આ કિસ્સામાં ત્રાસવાદી સંગઠન જૈશ નું નામ બહાર આવ્યું હતું જો કે જૈશ દ્વારા તેમની સંડોવણીનો ઈનકાર કરવામાં આવ્યો હતો. હાલમાં આ ઘટનાની તપાસ એટીએસ એનઆઈએ તેમ જ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે. આ મામલામાં પોલીસ અધિકારી સચિન વઝે ની ભૂમિકા શંકાસ્પદ હોવાનું જણાવાયું હતું તેમ જ વિધાનસભાના વિપક્ષી બીજેપી નેતા દેવેન્દ્ર ફડણવીસે આ મામલાની નિષ્પક્ષ તપાસ કરવાની માગણી કરી હતી.

# રાજ ઠાકરેનો 'માસ્ક દ્વેષ'! નાસિકમાં પણ, માસ્ક વિના ફરે છે : સરકારની મનમાની

### સ્વાગત માંટે આવેલા પૂર્વ મેયરને કહ્યું, 'માસ્ક ઉતારો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

રાજ્યમાં ફરીથી કોરોના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. તેમ, સરકાર દ્વારા સમય-સમય પર સામાજિક અંતર જાળવવા અને માસ્ક પહેરવાની સૂચનાઓ જારી કરવામાં આવી રહી છે. જોકે, મનસેના વડા રાજ ઠાકરે જોકે માસ્ક વિના ફરતા જોવા મળે છે. એક કાર્યક્રમમાં નાસિક પહોંચેલા રાજ ઠાકરે આજે માસ્ક વિના ફરીથી હાજર થયા. એટલું જ નહીં, રાજ ઠાકરેએ તેમને શુભેચ્છા આપવા આવેલા પૂર્વ મેયરને પણ માસ્ક ઉતારવા ઈશારો કર્યો હતો.



આજે રાજ ઠાકરે નાસિકમાં છે. જ્યારે તેઓ નાસિક પહોંચ્યા ત્યારે પૂર્વ મેયર અશોક મુર્તદક તેમનું સ્વાગત કરવા આગળ આવ્યા હતા. પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કરતી વખતે રાજ ઠાકરેએ તેમને માસ્ક કાઢવાની ઈશારો કર્યો હતો..

રાજ ઠાકરે અગાઉ ઘણા સ્થળોએ માસ્ક વિના દેખાયા હતા. તેણે એમ પણ કહ્યું હતું કે તે માસ્ક નહીં પહેરે. મરાઠી ભાષાના ગૌરવ દિવસ નિમિત્તે, તેમણે કોઈ માસ્ક વિના મનસેના મરાઠી સહી અભિયાનના કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. તે સમયે, તેમણે કહ્યું કે, તમામ ઈવેન્ટ્સમાં ભીડ હતી. સરકારી કાર્યક્રમોમા ભીડ હોય છે.,. શિવ જયંતિ, મરાઠી ભાષાના કાર્યક્રમો માટે પરવાનગી નકારવામા આવે છે. જો કોરોનાનું સંકટ ફરીથી આવતું હોય તેમ લાગે છે, તો બધી ચૂંટણીઓ મુલતવી રાખવામાં આવે, એમ રાજ ઠાકરેએ જણાવ્યું હતું. હું માસ્ક પણ નથી પહેરતો, હું તમને પણ કહું છું, એમ રાજ ઠાકરેએ કહ્યું.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે વિધાન પરિષદમાં બોલતી વખતે રાજ ઠાકરેની માસ્ક ન પહેરવાની ટીકા કરી હતી. તેમણે કહ્યું, "કેટલાક લોકો ફક્ત કહે છે કે 'હું માસ્ક પહેરીશ નહીં. બાબા, તમારી પાસે કોઈ કોરોના નહીં હોય. પણ તમારા કારણે બીજાનું શું થશે? એમ કહીને અજિત પવારે રાજ ઠાકરેની આકરી ટીકા કરી હતી.

# ટીએમટી એડ્વર્ટાઈઝિંગ કોન્ટ્રાક્ટ કૌભાડ : કોન્ટ્રાક્ટર સહિત આઠ ભુતપુર્વ પરિવહનના અધિકારીઓ વિરુધ્ધ ગુનો

ચક્રવાત ટીમ, મુંબઈ .તા. ૫

થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (ટીએમટી) માં જાહેરાત કરારના ગેરરીતિ કરવાના મામલામાં કોન્ટ્રાક્ટર સહિત આઠ પૂર્વ પરિવહન અધિકારીઓ વિરુદ્ધ થાણે લાંચ લેવા નિવારણ વિભાગ વિરુદ્ધ શ્રીનગર પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ તમામ પર ૨૦૦૮ થી ૨૦૧૮ ની વચ્ચે ૬,૭૩,૫૫,૯૪૬/-રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ છે અને એન્ટી કરપ્શન બ્યુરો(એસીબી)વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, કોઈપણ સમયે તેમની ધરપકડ કરવામાં આવે તેવી સંભાવના છે.

ટીએમટી પરિવહન સેવાના ભુતપૂર્વ પરિવહન મેનેજર અશોક કરંજકર, શ્રીકાંત સરમોકાદમ, કમલાકર દિક્ષિત, તત્કાલીન નાયબ ચીફ મેનેજર, અજિત નિરહલે, ગુરુકુમાર પેડનેકર, તત્કાલીન નાયબ પરિવહન, પીટર જોન પિન્ટો, તત્કાલિન આંતરિક ઓડિટર, સુરક્ષા અધિકારી લક્ષ્મીકાંત ધૂમલ, ડેપો મેનેજર દિલીપ કાનાડે અને સોલ્યુશન એડવર્ટાઈઝિંગ કંપનીના. પ્રવીણ સોલંકી અને ગુજ્જુ એડ્સ પ્રા.લિ..કંપનીના મેનેજિંગ ડિરેક્ટર ભાવેશ ભીંડે સામે આ કેસ નોંધવામાં આવ્યો છે. ૨૦૦૮ માં ટીએમટી બસ સ્ટેન્ડ પર જાહેરાત પ્રદર્શિત કરવાનો અધિકાર સોલ્યુશન એડવર્ટાઈઝિંગ કંપનીને અપાયું હતું. થાણેના પ્રવીણ વાટેગાંવકરે કરારમાં ગેરરીતિ હોવાનો આરોપ લગતા હાઈકોર્ટમાં અરજી કરી હતી. અદાલતે એસીબીને ત્રણ મહિનાની અંદર પ્રાથમિક તપાસ પૂર્ણ કરીને આ સંદર્ભે અંતિમ નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો. તદનુસાર, કોર્પોરેશને એસીબીવિભાગને તપાસની છૂટ આપી હતી. જોકે, વિભાગે આ અંગે કોઈ નિર્ણય લીધો ન હતો. તો બુધવારની સુનાવણી દરમિયાન કોર્ટે એસીબી વિભાગને ફટકારી હતી. ત્યારબાદ વિભાગે કોર્ટમાં બાંહેધરી આપી હતી કે આઠ દિવસમાં કેસ દાખલ કરવામાં આવશે. વિભાગ દ્વારા નોંધાયેલી ફરિયાદના પગલે સોમવારે રાત્રે શ્રીનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૮ સુધી, થાણે ટ્રાન્સપોર્ટ એન્ટરપ્રાઈઝ દ્વારા બિલ્ડ, યુઝ અને ટ્રાન્સફર (બીઓટી) આધારે શહેરમાં ૪૭૦ બસ સ્ટેન્ડ સ્થાપવા માટે સોલ્યુશન એડવર્ટાઈઝિંગ કંપનીને કરાર આપવામાં આવ્યો હતો. આપેલું. આ કરાર મેળવવા માટે ગુજ્જુ એડ પ્રા. વિશ્વ પબ્લિસિટી અને મે. સોલ્યુશન એડવર્ટાઈઝિંગના માલિકો પર ઝેનિથ આઉટડોર સાથે બનાવટી કરાર બનાવવાનો આરોપ મૂકાયો છે. તેણે કરાર માટે કોઈ દસ્તાવેજો પૂરા પાડ્યા ન હતા અને સોલ્યુશન કંપની પર તેનો દુરૂપયોગ કરવાનો આરોપ કંપનીઓના માલિક ઝેનિથ આઉટડોર દ્વારા કરવામાં આવ્યો હતો., ટીએમટી અધિકારીઓ પર આ કરાર મેળવવા માટે કંપની સાથે સહયોગ કરવાનો આરોપ છે. આ મામલે શ્રીનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

# મુંબઈ કોરોના બ્લાસ્ટ : પ્રખ્યાત રેસ્ટોરન્ટ સ્ટાફના જ ૧૦ લોકો કોરોના પોઝિટીવ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

રાજ્યમાં કોરોના દર્દીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. જો કે, આવી સ્થિતિમાં પણ, સાવચેતીના અભાવને લીધે, ફેલાવો વધુ ઝડપથી વધી રહ્યો છે. મુંબઈના એક પ્રખ્યાત રેસ્ટોરન્ટના સ્ટાફમાં ૧૦ જણ કોરોના પોઝિટિવ આવ્યા છે. આ પછી, બે દિવસ માટે રેસ્ટોરન્ટ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યાં સુધી, જો કે, આ કર્મચારીઓના સંપર્કમાં આવતા લોકોને પણ કોરોના ચેપનું જોખમ વધારે છે. મુંબઈ મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે અંધેરીની રાધાકૃષ્ણ રેસ્ટોરન્ટના સ્ટાફના ૧૦ સભ્યોનો કોરોના ટેસ્ટ પોઝિટીવ આવ્યો છે. રાધાકૃષ્ણ રેસ્ટોરન્ટ ઘણા કર્મચારીઓના રિપોર્ટ બાદ બે દિવસ માટે બંધ રાખવાનો આદેશ આપવામા આવેલ છે. રેસ્ટોરન્ટમાં ૩૫ જણનો સ્ટાફ છે. બીએમસીએ કહ્યું છે કે, આખા રેસ્ટોરન્ટની સ્વચ્છતા અને નવા કર્મચારીઓ લેવામાં આવે ત્યારબાદ જ રેસ્ટોરન્ટને શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.કોરોનાથી ચેપ લાગતા દસ કર્મચારીઓને બીકેસી જંબો સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. હોમ ક્યુરેન્ટાઈનની સલાહ અન્ય લોકોને પણ આપવામાં આવી છે કે જેઓ તેમના



સંપર્કમાં આવ્યા છે. ગુરુવારે રાજ્યમાં કોરોના કુલ ૮,૯૯૮ નવા કેસ મળી આવ્યા છે. અત્યાર સુધીમાં કોરોના પીડિતોની કુલ સંખ્યા ૨૧,૮૮,૧૮૩ છે. ગુરુવારે રાજ્યમાં કુલ ૬૦ દર્દીઓનાં મોત નીપજ્યાં, જેમાં કુલ મૃત્યુઆંક ૫૨,૩૪૦ પર પહોંચ્યો. ગુરુવારે કોરોના દર્દીઓની સંખ્યા બુધવાર કરતા થોડી ઓછી હતી, એમ આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર. જોકે, મૃત્યુઆંક વધારે છે. ગુરુવારે દિવસ દરમિયાન મુંબઈમાં કુલ ૧,૧૦૪ કોરોનાના દર્દીઓ મળી આવ્યા હતા. પરિણામે, મુંબઈમાં કોરોના પીડિતોની સંખ્યા અત્યાર સુધીમાં ૨,૨૯,૮૪૬ પર પહોંચી ગઈ છે. ગુરુવારે અહીં પાંચ દર્દીઓનાં મોત નીપજ્યાં, જે કુલ મળીને ૧૧.૪૯૨ પર આવ્યા.

# મુંબઈના કારશેડમાં ૧૦ એસી ઈએમયુ લોકલ ખાય છે ધૂળ

### એક એસી લોકલને કારણે રોજની સરેરાશ ૧૦-૧૨ નોર્મલ સર્વિસને અસર

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

મુંબઈની લોકલ ટ્રેનમાંથી પડતા પ્રવાસીઓ ગંભીર જખમી થવાની સાથે મોતને ભેટતા હોવાથી ક્લોઝ ડોરની એસી લોકલ ટ્રેનની યોજના અખત્યાર કરવામાં આવ્યા પછી મુંબઈમાં લગભગ ૧૦ એસી (એર કન્ડિશન્ડ) ઈએમયુ લોકલ આવી છે, પરંતુ હજુ સુધી મુંબઈના એક પણ કોરિડોરમાં ઉપયોગમાં લેવામાં આવી નથી,

સૂત્રોએ જણાવ્યું હતું. મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એમયુટીપી)માં ૪૭ એસી ઈએમયુ ખરીદવાની મંજૂરી મળી છે, જે અંતર્ગત મુંબઈના કારશેડમાં ૧૦થી વધુ એસી ઈએમયુ લોકલ ટ્રેન આવી છે, પરંતુ તેને ચલાવવા મુદ્દે કોઈ



નિર્ણય લેવામાં આવ્યા નથી. એટલું જ નહીં, આગામી દિવસોમાં તેના અંગે કોઈ યોજના હોવાનો કોઈ અધિકારી ફોડ પાડવા તૈયાર નથી. ઉનાળો ચાલુ થયા પછી કદાચ હાલની એસી લોકલ ટ્રેનમાં પ્રવાસીઓની સંખ્યા વધી શકે છે, પરંતુ બાકીના આઠ મહિના માટે એસી લોકલનો ઉપયોગ કરવાનું મુશ્કેલ છે. સિંગલ એસી લોકલ માટે નોન-એસી લોકલનો કોરિડોર લોક થાય છે, તેથી આ મુદ્દે રેલવે પ્રશાસનની ઊંઘ હરામ થઈ ગઈ છે, એમ પ્રવાસી સંગઠને જણાવ્યું હતું. મધ્ય રેલવેમાં સીએસએમટીથી કલ્યાણ તથા પશ્ચિમ રેલવેમાં ચર્ચગેટ-વિરાર સેક્શનમાં એસી લોકલ ટ્રેન દોડાવાય છે. રેલવેને જો એસી લોકલમાંથી આવક પ્રાપ્ત કરવી હોય તો પીક અવર્સમાં ચલાવવી જોઈએ, પરંતુ હાલના ટાઈમટેબલ પ્રમાણે શક્ય નથી. એક એસી લોકલને કારણે રોજની સરેરાશ ૧૦-૧૨ સર્વિસને અસર થાય છે, તેથી તેના ભોગે સામાન્ય લોકલનું ટાઈમટેબલ બગડી શકે છે.

એસી લોકલ ટ્રેનને કારણે નોન-એસી લોકલ ટ્રેનનો ભોગ લેવાય છે, પરિણામે એક કરતા અન્ય પર્યાયની વિચારણા કરવામાં આવે છે. હાલના ફર્સ્ટ ક્લાસના કોચના બદલે એસી કોચને ફીટ કરવાની યોજના છે, પરંતુ તેના માટે એક કરતા અનેક પ્રકારની ટેક્નિકલ મુશ્કેલી ઊભી થઈ શકે છે. હાલમાં પશ્ચિમ રેલવેમાં એસી લોકલની રેક મળી છે, તેમાં સેમી એસી લોકલમાં બદલવાનો પ્રયાસ કરાય છે, જે તૈયાર કરવામાં આવ્યા પછી સૌથી પહેલા સોફ્ટવેર ટેસ્ટિંગ કરવામાં આવશે, ત્યારબાદ ટ્રેક પર ટ્રાયલ કરવામાં આવશે. સંપૂર્ણ પ્રક્રિયા પૂરી કરવામાં છથી સાત મહિનાનો સમય લાગશે, જેમાં ટ્રાયલ સફળ થયા પછી સર્વિસમાં લાવી શકાય છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે બજેટમાં સેમી એસી લોકલના ૭૮ રેક માટે ૫૦૭ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં =આવી હતી, જેમાં અગાઉના બજેટમાં ૧,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પશ્ચિમ રેલવેમાં બીજી એસી લોકલ ટ્રેનને અંધેરી-વિરાર વચ્ચેના સ્લો કોરિડોરમાં દોડાવવાની યોજના છે. આગામી મહિનામાં સમગ્ર સેક્શનમાં ૧૫ ડબાની ટ્રેન દોડાવવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામકાજ ચાલી રહ્યું છે, જે પૂરું થયા પછી આ જ સેક્શનમાં સ્લો કોરિડોરમાં જ એસી લોકલ દોડાવી શકાય છે. અહીં એ જણાવવાનું કે ડિસેમ્બર, ૨૦૧૭થી ફાસ્ટ કોરિડોરમાં એસી લોકલ દોડાવાય છે, જેમાં લોકડાઉન પછી એસી લોકલ ચાલુ કરવામાં આવી છે, જેમાં ફેબ્રુઆરીમાં ૮૬ લાખની આવક થઈ હતી. માર્ચ મહિનાના ત્રણ દિવસમાં ૫૯૦ ટિકિટ તથા ૪૮૨ જેટલા પાસ ઈશ્યૂ કરવામાં આવ્યા હતા, જેમાં ૨૪,૫૪૧ પ્રવાસીએ એસી લોકલમાં ટ્રાવેલ કર્યો હતો.

# ગરમીનો માર : મુંબઈમાં ગુરૂવારે નોંધાયેલા ઊંચા તાપમાને છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

### છેલ્લા ૧૦ વર્ષમાં માર્ચ મહિનાનું સૌથી ઊંચુ તાપમાન ૩૮.૧ ડિગ્રી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

ઉનાળાનું હજી તો આગમન જ થયું છે મુંબઈ સહિત વિદર્ભમાં છેલ્લા બે ત્રણ દિવસથી ભારે ગરમી પડી રહી છે. ત્યાં મુંબઈમાં ગુરુવારે નોંધાયેલા ઊંચા તાપમાને છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો હતો. ૩૮.૧ ડિગ્રી જેટલા ઊંચા તાપમાન સાથે ગુરુવાર મોસમનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. આ અગાઉ ૨૦૧૧ની સાલમાં ૪૦.૫ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયું હતું. તો રાજ્યમાં પણ મોટાભાગના જિલ્લામાં ભારે ગરમી પડી રહી હોઈ વિદર્ભના ભઠ્ઠીમાં તપી રહ્યું હોઈ ૩૯.૮ ડિગ્રી સાથે બ્રહ્મપુરી રાજ્યનો સૌથી ગરમ વિસ્તાર રહ્યો હતો.

રાજ્યમા દિવસ દરમિયાન ગરમ પવન ફૂંકાવાની સાથે જ લૂ વાઈ રહી હતી. તાપમાનનો પારો સતત ઊંચો જઈ રહ્યો છે. બુધવારે મુંબઈમાં ૩૭.૩ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન નોંધાયા બાદ તેમાં હજી વધારો થઈને ગુરુવારે સાંતાક્રુઝમાં ૩૮.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જયારે સાંતાક્રુજમાં ૩૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈની સાથે જ તેની નજીક આવેલા હિલ સ્ટેશન માથેરાનમાં ૩૪.૪ ડિગ્રી જેટલો ઊંચો પારો નોંધાયો હતો. વાતાવરણમાં આવેલા અચાનક બદલાવને પગલે અનેક લોકોને ડ્રીહાઈડ્રેશન સહિત ચક્કર આવવાની ફરિયાદો નોંધાઈ હતી.

ગુરુવારના મુંબઈમાં ૩૮.૧ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન સાથે મોસમનો જ નહીં પણ છેલ્લા એક દાયકાનો માર્ચ મહિનાનો સૌથી વધુ ગરમ દિવસ રહ્યો હોવાનું જાણવા મળ્યુ છે આ અગાઉ ૨૦૧૧ની સાલમાં ૧૭ માર્ચના ૪૦.૫ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયુ હતું, જે મુંબઈનો માર્ચ મહિનાનો ઓલટાઈમ હાઈ રેકોર્ડ છે. મુંબઈની સાથે રાજ્યના મોટાભાગના જિલ્લામાં ભારે ગરમી પડી રહી છે. ખાસ કરીને વિદર્ભ હાલ ગરમીની ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. રાજ્યનું સૌથી ઊંચું તાપમાન વિદર્ભના બ્રહ્મપુરીમાં ૩૯.૮ ડિગ્રી જેટલું નોંધાયુ હતું. તો ચંદ્રપુરમાં ૩૯.૨ ડિગ્રી, અકોલામાં ૩૯.૧ ડિગ્રી, અમરાવતીમાં ૩૮.૨ ડિગ્રી, બુલઢાણામાં ૩૭.૦ ડિગ્રી, ગઢચિરોલીમાં ૩૭.૪ ડિગ્રી, નાગપૂરમાં ૩૭.૭ ડિગ્રી વર્ધામાં૩૭.૫ ડિગ્રી, વાશિમમાં ૩૭.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો રત્નાગિરી ૩૭.૨ ડિગ્રી, જાલના ૩૫.૨ ડિગ્રી, સતારા ૩૫.૩ ડિગ્રી, સાંગલી ૩૬.૨ ડિગ્રી, માલેગાંવ ૩૮.૪ ડિગ્રી, નાશિક ૩૬.૧ડિગ્રી, પુણે ૩૬.૧ડિગ્રી, જળગાંવ ૩૮.૫ ડિગ્રી, કોલ્હાપુરમાં ૩૫.૧ડિગ્રી, પરભણીમાં ૩૭.૦ડિગ્રી જેટલું ઊંચો પારો રહ્યો હતો. વાતાવરણમાં અચાનક ગરમી વધી જવા બાબતે હવામાન ખાતા દ્વારા જાણવા મળ્યુ છે કે ઉત્તર-પૂર્વ દિશામાંથી ગરમ અને સૂકા પવન ફૂંકાઈ વાતાવરણના નીચલા સ્તરમાં ફૂંકાઈ રહ્યા છે અને મધ્ય મહારાષ્ટ્રના આકાશમાં સાયક્લોનિક સર્ક્યુલેશન પણ સર્જાયુ છે, તેના કારણે તાપમાન વધી ગયું છે. હજી બે-ત્રણ દિવસ આવું જ વાતાવરણ રહેશે.

# ક્રૂડ પામતેલના વાયદાના ભાવમાં ઓપન ઈન્ટરેસ્ટ ૧,૧૩,૩૦૦ ટનના સ્તરે

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૫

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૫૫૪૭૧ સોદામાં રૂ.૧૧૧૭૯.૫૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈનો માહોલ હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૭ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૮૩૩ ઘટ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં વૃદ્ધિ રહી હતી. કૃષિ કોમોડિટીઝમાં ક્રૂડ પામતેલમાં સીમિત સુધારા સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૧૩,૩૦૦ ટનના સ્તરે પહોંચ્યો હતો. કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટી આવ્યા હતા. કપાસ ઢીલું હતું. રબર અને મેન્થા તેલ વધ્યા હતા. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૮૩૩૬૮ સોદાઓમાં રૂ.૪૭૭૦.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૪૪૪ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૪૫૦ અને નીચામાં રૂ.૪૪૨૧૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૬૭ ઘટીને રૂ.૪૪૩૭૪ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૩૨ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૫૭૭૮ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૪૪૨ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૦ ઘટીને બંધમાં રૂ.૪૪૨૧૧ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૪૪૮૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૪૭૮૦ અને નીચામાં રૂ.૬૪૨૫૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૩૩ ઘટીને રૂ.૬૪૬૪૩ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૧૨૬ ઘટીને રૂ.૬૫૮૨૭ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૧૧૪ ઘટીને રૂ.૬૫૮૪૮ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૨૧૧ સોદાઓમાં રૂ.૨૧૪૧.૦૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૭૧૫ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૯૯ અને નીચામાં રૂ.૪૬૯૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૭૩ વધીને રૂ.૪૭૮૦ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૧૪૦ સોદાઓમાં કુલ રૂ.૩૭૩.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૦૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૧૫૦ અને નીચામાં રૂ.૨૧૮૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૦ ઘટીને રૂ.૨૨૦૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૫૪.૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧.૧ વધીને બંધમાં રૂ.૧૦૬૧.૧ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૩.૮ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૬.૯ અને નીચામાં રૂ.૯૪૮.૯ રહી, અંતે રૂ.૯૫૪ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૫૮ અને નીચામાં રૂ.૧૨૩૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫ ઘટીને રૂ.૧૨૫૧ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૩૨૪૭ સોદાઓમાં કુલ રૂ.૨૮૮૯.૫૦ કરોડ ની કીમતનાં ૬૫૧૪.૪૫૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૬૦૧૨૧ સોદાઓમાં કુલ રૂ.૧૮૮૦.૫૨ કરોડ ની કીમતનાં ૨૮૭.૦૬૮ ટન, ક્રૂડ તેલમાં ૧૮૩૦૨ સોદાઓમાં રૂ.૧૨૩૦.૮૮ કરોડનાં ૨૫૯૫૧૦૦ બેરલ્સ, કોટનમાં ૧૧૧૮ સોદાઓમાં રૂ.૮૮.૮૫ કરોડનાં ૪૦૧૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૯૧૧ સોદાઓમાં રૂ.૨૮૧.૦૨ કરોડનાં ૨૬૮૧૦ ટન, મેન્થા તેલમાં ૧૧ સોદાઓમાં રૂ.૧.૮૫ કરોડનાં ૧૯.૪૪ ટન, કપાસમાં ૧૩ સોદાઓમાં રૂ.૪૦.૦૧ લાખનાં ૬૪ ટનના વેપાર થયા હતા.

સત્ય માટે, સત્ય સાથે સતત...
ચક્રવાત

# એક્ટર સુશાંત સિંહ રાજપૂત ડ્રગ્સ કેસમાં એનસીબીની ૩૦ હજાર પાનાની ચાર્જશીટ



## આરોપીઓમાં રિયા સહિત ૩૩ લોકોનો સમાવેશ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

અભિનેતા સુશાંતસિંહ રાજપૂતનાં મોત બાદ ડ્રગ્સ કેસમા તપાસ કરી એનસીબીએ આજે ૩૦ હજાર પાનાની ચાર્જશીટ ફાઈલ કરી હતી.. એનસીબીની ચાર્જશીટમાં ૩૩ લોકો શામેલ છે. ચાર્જશીટમાં એનસીબીએ બોલીવુડની અભિનેત્રીઓ દીપિકા પાદુકોણ, શ્રદ્ધા કપૂર અને સારા અલી ખાનના જવાબોનો જ સમાવેશ કરેલ છે. સુશાંતસિંહ રાજપૂતનાં મોત મામલે મુંબઈ સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.. એનસીબી વતી ૩૦ હજાર પાનાની ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે. ચાર્જશીટમાં રિયા ચક્રવર્તી, તેના ભાઈ શૌવિક, સેમ્યુઅલ મીરાન્ડા અને દિપેશ સાવંત સહિત ૩૩ આરોપીઓના નામ છે.૩૩ આરોપીઓમાથી ૮ આરોપીઓ હાલમા જ્યુડિશીયલ કસ્ટડીમા છે જ્યારે બાકીના જામીન પર બહાર ફરી રહ્યા છે.એનસીબી દ્વારા આ ડ્રગ્સ પ્રકરણમા મુંબઈ ઉપરાંત બહાર પણ અનેક ઠેકાણે રેઈડ પાડવામા આવી હતી.આ રેઈડ દરમિયાન ચરસ,ગાંજો, એમડી ,ક્કેઈન તેમજ એકટેસી જેવા કેફિ પદાર્થ મળી અવ્યા હતા.એનસીબીની આ કાર્યવાહીને કારણે બોલીવુડમા સંન્નાટો છવાઈ ગયો હતો.ડ્રગ્સ પ્રકણણું પગેરુ બોલિવુડ ઉપરાંત અંડરવર્લ્ડ સુધી પહોચ્યુ હતુ.જેમા દાઉદના સાથીદાર મનાતા ગુંડાના ઘર પર સર્ચ દરમિયાન ડ્રગ્સ બનાવવાની લેબ અને કરોડો રૂપિયાની રોકડ તેમજ વિવાદાસ્પદ ડાયરી મળી આવી હતી.જેમા બોલિવુડ એકટર ઉપરંત નિર્માતા, દિગદર્શક અને મુંબઈની હાઈસોસાયટીની સેલી બ્રેટીઓના નામ હતા.હાલમા આ ઘટનાની તપાસ ચાલુ રહી છે. દીપિકા પાદુકોણ, સારા અલી ખાન, શ્રદ્ધા કપૂર, રકુલ પ્રીત સિંહ જેવી બોલિવૂડ અભિનેત્રીઓ આના જવાબમાં શામેલ છે. ચાર્જશીટમાં આરોપી તરીકે તેનો ઉલ્લેખ નથી.

બોલિવૂડના જાણીતા અભિનેતા સુશાંત સિંહ રાજપૂતે ૧૪ જૂને બાંદ્રા સ્થિત તેમના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. સુશાંતના ઘરે કામ કરતા એક નોકરે માહિતી આપી છે કે સુશાંત ડિપ્રેસનથી પીડાઈ રહ્યો હતો અને તેની સારવાર ચાલી રહી હતી. પોલીસને સુશાંતના ઘરેથી કેટલીક દવાઓ મળી આવી છે. જો કે આત્મહત્યા પાછળનું કારણ હજી સ્પષ્ટ થયું નથી. સુશાંતના ઘરે કોઈ સ્યુસાઇડ નોટ મળી નથી.

# ડાબર લાવ્યો પ્રીમિયમ રેન્જ 'વાટિકા સિલેક્ટ'

## કોઈપણ પ્રકારના નુકસાનથી મુક્ત




ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

ભારતની અગ્રણી સાયન્સ આધારીત આયુર્વેદ કંપની ડાબર ઈન્ડિયા લિમિટેડે તેના વાટિકા પોર્ટફોલિયોના વિસ્તરણની ઘોષણા કરીને "ડાબર વાટિકા સિલેક્ટ" શેમ્પૂની પ્રીમિયમ રેન્જ શરૂ કરી છે. ડાબર વાટિકા સિલેક્ટ શરૂઆતમાં ભારતના પોતાના ઈ-કોમર્સ પ્લેટફોર્મ - ફ્લિપકાર્ટ પર ઉપલબ્ધ છે અને ટૂંક સમયમાં નિયમિત રિટેલ ચેનલો દ્વારા પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

ડાબર વાટિકા સિલેક્ટ નાળિયેર દૂધ ઉતારા શેમ્પૂ શુદ્ધ અને કુદરતી વનસ્પતિ જેવા કે નાળિયેર દૂધના અર્ક અને નાળિયેર તેલમાંથી બનાવવામાં આવે છે, જે વાળને મજબૂત બનાવે છે, વાળ ખરતા અટકાવે છે અને વાળના ભેજને પુન સ્થાપિત કરવામાં મદદ કરે છે. તેમાં કુદરતી ઘટકો છે જે વાળને પુન સ્થાપિત કરવામાં અને તમારા વાળને નરમ અને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે. ડાબર વાટિકા સિલેક્ટ મોરોક્કન આર્ગન ઓઈલ શેમ્પૂ શુદ્ધ અને કુદરતી વનસ્પતિ જેવા કે મોરોક્કન આર્ગન ઓઈલમાંથી બનાવવામાં આવ્યો છે, જેમાં લાલ ડુંગળી તેલ અને કાળા બીજ તેલનો સમાવેશ થાય છે. આ બધા તત્વો તમારા વાળને સ્વસ્થ બનાવે છે, મૂળ ખોલે છે, વાળ સુંદર બનાવે છે. ડાબર વાટિકા એપલ સીડર વિનેગાર શેમ્પૂ પસંદ કરો એપલ સીડર વિનેગાર જેવા શુદ્ધ અને પ્રાકૃતિક વનસ્પતિમાંથી બનાવવામાં આવે છે, જે તમારા માથાની ચામડીના શ્વાસને મદદ કરવા માટે સ્કેપી બિલ્ડઅપને શુદ્ધ કરવામાં મદદ કરે છે જે વાળના સ્વાસ્થ્યના આરોગ્યમાં મદદ કરે છે. તે તમારા વાળને સરળ અને ચળકતી બનાવે છે.

શ્રી રજત માથુરે, હેડ ઈનોવેશન, ડાબર ઈંડિયા લિમિટેડએ જણાવ્યું છે કે "આપણી વાટિકા બ્રાન્ડને વિસ્તૃત કરવાની તક મળીને અમે ખૂબ જ ખુશ છીએ. ડાબર વાટિકા સિલેક્ટ એ શેમ્પૂની પ્રીમિયમ રેન્જ છે જે તમારા વાળની બધી સમસ્યાઓ ધ્યાનમાં રાખીને તમારા વાળ અને ખોપરી ઉપરની ચામડી (ખોપરી ઉપરની ચામડી) ને સંપૂર્ણ પોષણ પ્રદાન કરશે. નવી વાટિકા સિલેક્ટ રેન્જ શુદ્ધ અને કુદરતી વનસ્પતિ દ્વારા સંચાલિત છે. સુખદ અને વૈભવી ગંધની શ્રેણી સાથે, શેમ્પૂ સો પાલુમાટો ઉતારા, વિટામિન ઈ અને પ્રો-વિટામિન બી ૫ થી સમૃદ્ધ થાય છે જે ખોપરી ઉપરની ચામડીને પોષવામાં મદદ કરે છે, વાળ ખરવા અને વાળ ખરવાની ઘટનાઓને ઘટાડે છે. વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. પ્લાન્ટ આધારિત સક્રિયના ગુણધર્મોથી સમૃદ્ધ છે જે વાળના આરોગ્યને પોષવામાં અને પુન સ્થાપિત કરવામાં મદદ કરે છે. તે સલ્ફેટ, પેરાબેન્સ અને સિલિકોન્સ જેવા રસાયણોથી મુક્ત છે, જે તમારા વાળ અને ખોપરી ઉપરની ચામડીના કુદરતી તેલના સંતુલનને નુકસાન પહોંચાડે છે.

# ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુનિ. ઓફ એડિન બર્ગ વચ્ચે મહત્વપૂર્ણ MOA

## બ્રિટીશ હાઇકમિશનર ટુ ઇન્ડીયાની વિશેષ વર્ચ્યુઅલ ઉપસ્થિતી



ચક્રવાત ટીમ ગાંધીનગર, તા.૦૫

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુ.કે.ના સ્કોટલેન્ડ સ્થિત યુનિવર્સિટી ઓફ એડિન બર્ગે ભારત અને વિશ્વને ગુજરાત રિસર્ચ, ઈનોવેશન અને ઉચ્ચદક્ષતા પ્રાપ્ત વિદ્યાર્થીઓ આવનારા ભવિષ્યમાં પૂરા પાડી શકે તે હેતુસર ગાંધીનગરમાં એક મહત્વપૂર્ણ MOA સંપન્ન કર્યા છે. રૂપાણીની પ્રત્યક્ષ ઉપસ્થિતીમાં થયેલા આ ઈંછ એકસચેંજ સેરીમનીમાં બ્રિટીશ હાઈકમિશનર ટુ ઈન્ડીયા શ્રીયુત એલેક્ષ, યુનિવર્સિટી ઓફ એડન બર્ગના વાઈસ ચાન્સેલર શ્રીયુત પ્રોફેસર પિટર મેથીસન, ભારત સરકારના પ્રિન્સીપલ સાયન્ટીફિક એડવાઈઝર પ્રો. કે. રાઘવન વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

રૂપાણીની ઉપસ્થિતીમાં આ MOAનું પરસ્પર આદાન-પ્રદાન રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી સચિવ હારિત શુકલા અને ગુજરાત તથા રાજસ્થાન માટેના બ્રિટીશ ડેપ્યુટી હાઈકમિશનર શ્રીયુત પિટર કૂક વચ્ચે કરવામાં આવ્યું હતું. આ તકને ગુજરાત માટે એક મહત્વપૂર્ણ અવસર ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસનું રોલમોડેલ ગુજરાત ઔદ્યોગિક, પ્રવાસન સહિતના ક્ષેત્રોના વિકાસ સાથે વર્લ્ડ કલાસ એજ્યુકેશન હબ તરીકે પણ ઊભરી આવ્યું છે. ગુજરાતમાં વિશ્વ સમકક્ષ બહુધા વિષયોના તજજ્ઞ શિક્ષણ-અભ્યાસ માટે રાજ્ય સરકાર સેકટર સ્પેસિફિક યુનિવર્સિટીના કન્સેપ્ટ સાથે આગળ વધી રહી છે. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રાજ્યની આવનારી પેઢીને બાયોટેકનોલોજી ક્ષેત્રના વર્તમાન સમયની માંગ અનુસાર વિશ્વકક્ષાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીએ આ નવિન પહેલ કરીને સ્કોટલેન્ડ યાર્ડ-યુ.કે.ની એડિન બર્ગ યુનિવર્સિટી સાથે તજજ્ઞ શિક્ષણ વ્યવસ્થાના ઈંછ કર્યા છે. આ ઈંછના પરિણામ સ્વરૂપે ઈનોવેટિવ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેકટરમાં વર્લ્ડ સાયન્ટીસ્ટ અને સબ્જેકટ એકસપર્ટના જ્ઞાનનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને મળતો થવાનો છે.

રૂપાણીએ ગુજરાતને નોલેજ ડ્રિવન ઈકોનોમી તરીકે પ્રસ્થાપિત કરવાના બહુઆયામી ઉદ્દેશ સાથે ધોલેરામાં ૠ-જીઈઈ એટલે કે સ્પેશ્યલ એજ્યુકેશન રિજીયન રાજ્ય સરકાર સ્થાપવાની છે તેની પણ ભૂમિકા આપી હતી. મહામારી, આનુવંશિક રોગ, કલાયમેટચેન્જ, ફૂડ સિકયુરિટીના ક્ષેત્રોમાં માનવજાત માટેની સમસ્યાઓનો સામનો કરવાની ક્ષમતા બાયોટેકનોલોજીમાં છે. રાજ્ય સરકારે ગુજરાતમાં ઈનોવેશન ઈકો સિસ્ટમનો વિકાસ કરવા ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી પણ શરૂ કરી છે. એટલું જ નહિ, બાયોટેકનોલોજી ક્ષેત્રને સંલગ્ન અદ્યતન સ્ટેટ ઓફ ધી આર્ટ બાયોસેફટી લેવલ-૩ લેબ સ્થાપવા આ વર્ષના બજેટમાં બે કરોડ રૂપિયાનું પ્રાવધાન પણ કર્યુ છે એમ તેમણે ગૌરવ સહ ઉમેર્યુ હતું.

રૂપાણીએ ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ ઈડન બર્ગ વચ્ચેની આ સહભાગીતા એક નવું સિમાચિન્હ બનશે એવો દ્રઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો. બ્રિટીશ હાઈ કમિશનર ટુ ઈન્ડીયા શ્રીયુત એલેકસે ગુજરાત સરકારની આ દૂરદર્શી પહેલ માટે મુખ્યમંત્રી રૂપાણીના વિઝનનો વિશેષ ઉલ્લેખ કરી આનંદની લાગણી દર્શાવી હતી. બ્રિટીશ હાઈકમિશનરે જણાવ્યું કે, ગુજરાત એજ્યુકેશન, ઈન્વેસ્ટમેન્ટ અને ટેલેન્ટમાં ભારતનું પાયોનિયર સ્ટેટ છે. હવે, આ બે યુનિવર્સિટી વચ્ચેની સહભાગીતા સાયન્ટીફિક એકસલન્સમાં પણ ગુજરાતને વિશ્વસ્તરે લઈ જશે એવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી. શ્રીયુત એલેક્ષે તાજેતરની ચૂંટણીઓમાં જવલંત વિજય માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને અભિનંદન પણ પાઠવ્યા હતા.

આ પ્રસંગે ભારત સરકારના બાયોટેકનોલોજી વિભાગના સચિવ ડૉ. રેનુ સ્વરૂપ, મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમાર, બાયોટેકનોલોજી મિશન ડાયરેકટર સચિન ગુંસાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. હરિત શુકલાએ આ અંગેની વધુ વિગતો આપતાં જણાવ્યું કે, મેડિકલ, ઈન્ડસ્ટ્રિયલ, એગ્રિલકલ્ચરલ અને એન્વાયર્મેન્ટલ બાયોટેકનોલોજી જેવા વિષયોમાં ઈનોવેટિવ માસ્ટર્સ પ્રોગ્રામ્સ તેમજ ઈન્ડસ્ટ્રી સાથે સંકલિત પીએચડી પ્રોગ્રામ્સ ઉપલબ્ધ થશે અને આ તમામ પ્રોગ્રામ્સ ૨૦૨૧-૨૨ના શૈક્ષણિક સત્ર માટે ચાલુ થશે.

## મોબાઈલ ચોરી ડેટા ડિલીટ કરી વેચી નાખનારી ટોળકી પકડાઇ



મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એન્ડ્રોઈડ અને આઈફોન ચોરી કરી સોફ્ટવેર દ્વારા તેનો ડેટા અને ક્લૌડ એકાઉન્ટ ડિલીટ કરી વેચી નાખનારા ત્રણ આરોપીની ધરપકડ કરી ૭૦ મોબાઈલ ડોમેલ અને રોકડ મળી અંદાજે ૧૦ લાખ રૂપિયાની માલમત્તા હસ્તગત કરવામાં આવી હતી.

# થાણેમાં ૯ લાખની કિંમતનો ૪૪ કિલો ગાંજો ઝડપાયો :આરોપી ગાંજાની ગુણીઓ ફેકી ફરાર



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

થાણેના કોપરી વિભાગમાં પોલીસે ૪૪ કિલો ગાંજો કબજે કર્યો છે. તેની કુલ કિંમત રૂપિયા ૯ લાખથી વધુ છે. આરોપી દ્વારા આ માલ ફેકીને ભાગી જતા આ માલ ક્યાંથી અને કોની માટે લઈ આવ્યો હતો તે હજી સુધી જાણવા મળ્યુ. નથી.. અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ નાર્કોટિક્સ પ્રિવેન્શન એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપી પાસે કુલ ૬ ગુણીઓ ગાંજોથી ભરેલી હતી. આ ઘટના ૪ માર્ચે મળ્સ્કે સવા ત્રણ વાગ્યાની આસપાસ કોપરી પોલિસ સ્ટેસનના સ્ટાફ દ્વારા પેટ્રોલીંગ કરી રહ્યા હતા.. તે સમયે થાણે રેલ્વે સ્ટેશનથી આનંદ સિનેમા જતા માર્ગ ઉપર પોલીસ સબ ઈન્સ્પેકટર સાલ્વી અને પોલીસ કોન્સ્ટેબલ શેંડે શાસ્ત્રીનગર બસ સ્ટોપ સામે પેટ્રોલીંગ કરી રહ્યા હતા. ત્યારે પોલીસ ટીમે નોંધ્યું હતું કે બે વ્યક્તિ શંકાસ્પદ રીતે ૬ બેગ લઈને રિક્ષામાં બેસાવાની તૈયારી કરી રહ્યા હતા. પોલીસે તેઓની પૂછપરછ કરતા તેમની પાસે બેગમાં કપડાં હોવાનું જણાવ્યુ હતુ. પોલીસે તેમને બેગ ખોલવાનું કહ્યું કે તરત જ બંને આરોપીઓએ બેગ ફેંકી દીધી અને અંધકારનો ફાયદો ઉઠાવી ભાગી છૂટ્યો. પોલીસે તેનો પીછો કર્યો હતો પરંતુ તે મળ્યો ન હતો. જેથી પોલીસે રીક્ષામાં રાખેલી બેગની તપાસ કર્યા બાદ તેઓને છ બેગમાં ૪૪ કિલો વજનનો ગાંજો મળી આવ્યો હતો. માલની કુલ કિંમત ૯ લાખ ૫૭ હજાર ૨૮૦ રૂપિયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. જો કે આ કેસમાં આરોપી ફરાર થઈ ગયા છે જોકે કોપરી પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# એફડીએ દ્વારા મુંબઈની ફાઇવ સ્ટાર હોટલ પર કાર્યવાહી કરાઈ



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

રાજ્યના સામાન્ય નાગરિકના આરોગ્યની કાળજીની જવાબદારી સંભાળતા ફૂડ એન્ડ ડ્રગ્સ (એફડીએ) દ્વારા શહેરની ફાઈવ સ્ટાર હોટલ ઈંડિયન હોટલ કંપની લિમિટેડ તાજ લેન્ડસ એન્ડ બ્રાન્દ્રા વેસ્ટમા ૩ માર્ચના રોજ સર્ચ કરવામા આવી હતી.

આ તપાસ દરમિયાન ફૂડનો સંગ્રહ કરવા માટે વપરાતા ફીજના તાપમાનનો આંક દર્શાવનાર મશીન હતુ નહિ એટલું નહિ અમુલ ગૌડાચીઝ, વોટર્મેલોન જ્યુસ, ઈડલી બટર, ફ્રૂટ જ્યુસની મુદત પતી ગઈ હોવા છતા તે સંગ્રહ કરાયેલુ મળી આવ્યુ હતુ.આ ઉપરાંત મુખ્ય કિચનમા ઠેર ઠેર કરોલિયાના જાળા બાઝી ગયા હતા,તેમજ સ્ટોરેજ વિભાગમા પણ ગંદકીનું સામ્રાજ્ય હતુ..આથી તાત્કાલિક આ તમામ ગંદકી અને જાળા દૂર નહિ ત્યાં સુધી તે બંધ કરવાનો આદેશ આપ્યો હતો.આ ઉપરાંત એક્સપાયરી ડેટ વીતી ગઈ હોવાને કારણે આવા માલનો નાશ કરાયો હતો.આગળની કાર્યવાહી એફડીએ અને બીએમસીના કાયદા ૨૦૦૬ અંતર્ગત કરવામા આવી છે.

# કંગના રનૌત વિરુદ્ધ પોલીસની તપાસનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરાયો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

મુંબઈ પોલીસે ગુરુવારે (૪ માર્ચ) એક્ટ્રેસ કંગના રનૌત સામે તેની પ્રાથમિક તપાસ રિપોર્ટ મુંબઈની બાંદ્રા મેજિસ્ટ્રેટ કોર્ટમાં દાખલ કર્યો હતો. કંગના અને તેની બહેન પર આરોપ છે કે તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને ધાર્મિક તંગી ઉભી કરી હતી. આ જ કેસની તપાસનો આ પ્રાથમિક અહેવાલ છે. મુંબઈ મેજિસ્ટ્રેટ કોર્ટે છેલ્લી સુનાવણીમાં મુંબઈ પોલીસને રિપોર્ટ દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો. પ્રાથમિક દલીલ બાદ કોર્ટે સુનાવણી એક મહિના માટે મુલતવી રાખી હતી. હવે, ૫ એપ્રિલે, બંને પક્ષો આ અંગે વિગતવાર દલીલ કરશે.

વકિલ અલી કાશીફખાન દેશમુખે કંગના અને તેની બહેન રંગોલી ચંદેલ વિરુદ્ધ રાજદ્રોહ અને સામાજિક અશાંતિ પેદા કરવાનો આરોપ મૂક્યો હતો. કોર્ટે મુંબઈ પોલીસને આ મામલે તપાસ કરવા નિર્દેશ આપ્યો હતો..

ગયા વર્ષે ઓક્ટોબરમાં ફરિયાદ નોંધાઈ હતી. દેશમુખે કંગના રનૌત પર મુંબઈ પોલીસ અને મહારાષ્ટ્ર વિશે કેટલાક વિવાદિત ટ્વિટ કરવાનો આરોપ લગાવ્યો છે. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે લોકડાઉન દરમિયાન બંનેએ સમાજના અમુક વર્ગને કોરોના ફેલાવનાર આતંકવાદી ગણાવ્યો હતો આ સંદર્ભે મુંબઈ પોલીસે નોંધાવેલો પહેલો અહેવાલ છે. તેથી કોર્ટે કંગના અને તેની બહેનને નોટિસ આપીને તેઓની ભુમિકા સ્પષ્ટ્ર કરવા આદેશ આપ્યો હતો.

# બીડના રંગીલા પ્રોફેસરને સહકાર્યકરને અશ્લીલ વીડિયો મોકલવા બદલ પાંચ વર્ષની જેલની સજા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૫

મહિલા સાથી પ્રોફેસરને અશલીલ વિડિઓની લિંક મોકલવી પ્રોફેસરને ખૂબ મોંઘી પડી છે. આરોપી પ્રોફેસરને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઘટના નવેમ્બર ૨૦૧૭ માં બીડ જિલ્લામાં બની હતી. વિશેષ વધારાની અદાલતે બીડના એક રંગીલા પ્રોફેસરને પાંચ વર્ષની જેલની સજા સંભળાવી છે.

કોઈ મહિલા સાથી પ્રોફેસરને અશ્લીલ વીડિયોની લિંક મોકલીને છેડતીની ઘટના નોંધાય હતી. આ કેસમાં આરોપી પ્રોફેસરને વિશેષ સેશન્સ જજ ડી.એમ.ખડસે પાંચ વર્ષની સખત કેદ અને ૮,૦૦૦ રૂપિયા દંડની સજા ફટકારી છે. દોષિત ઠેરવવામાં આવેલા પ્રોફેસર ગજાનન નરહરિ કરપે,(૪૧). તે બીડના સ્વરાજ નગર વિસ્તારમાં રહે છે. આરોપી ગજાનન કર્પે શહેરની એક શૈક્ષણિક સંસ્થાની કોલેજમાં નોકરી કરતો હતો. તેણે આ જ કોલેજના મહિલા પ્રોફેસરને વોટ્સએપથી અશ્લીલ વીડિયોની લિંક મોકલી હતી. પીડિત મહિલા પ્રોફેસર પોતે વિશાખા સમિતિના અધ્યક્ષ હતા.તેણીએ આ બાબતની જાણકારી કોલેજના વહીવટીતંત્રને કરી હતી. .આ ઘટના બાદ કોલેનાજ વહીવટીતંત્ર દ્વારા પ્રોફેસરને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

# વાંકાનેર : ભાગીદારી છુટી કર્યાની વાતનો રોષ રાખીને જાનથી મારી નાંખવાની ધમકી

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૦૫

વાંકાનેર તાલુકાના ચંદ્રપુર ગામે રહેતા યુવાનને જુદાજુદા મોબાઈલ નંબરો ઉપરથી ફોન કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવતી હોય જેથી આ અંગે યુવાને ત્રણ ઈસમોની સામે વાંકાનેર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. જે બનાવમાં યુવાનને બેલાની ખાણમાંથી અન્ય શખ્સો સાથે ભાગીદારી છુટી કરી હોય જે બાબતનો ખાર રાખીને ત્રણ શખ્સોએ યુવાનને ફોન ઉપર જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ નોંધાવાતા વાંકાનેર સીટી પોલીસે ત્રણેય શખ્સો સામે વિધિવત ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ સામતભાઈ નગાભાઈ કરમુર (ઉ.વ. ૩૭, રહે ભાટીયા સોસાયટી, જલારામ મંદિર પાછળની શેરી બટુકસિંહ જાડેજાના મકાનમાં, ચંદ્રપુર, તા.વાંકાનેર, મૂળ રહે. કાટકોલા તા.ભાણવડ જી.દેવભુમી દ્રારકા)એ તેના ખાણના કામના પુર્વ ભાગીદાર પ્રફુલ્લભાઈ મશરીભાઈ કરમુર (રહે. હાલ આજીડેમ ચોકડી પાસે, રાજકોટ, મૂળ રહે. કાટકોલા તા.ભાણવડ જી. દેવભુમીદ્રારકા), કરશનભાઈ નગાભાઈ કરમુર (રહે.કુવાડવા સાગર મંડપ સર્વિસ પાસે, રાજકોટ, મૂળ રહે.કાટકોલા તા.ભાણવડ જી.દેવભુમી દ્રારકા) તેમજ રાજેશભાઈ મશરીભાઈ કરમુર (રહે. હાલ રાજકોટ આજીડેમ ચોકડી પાસે, મૂળ રહે. કાટકોલા તા.ભાણવડ જી.દેવભુમી દ્વારકા) સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી પોતે સામેવાળાઓની સાથેની બેલાની ખાણમાં ભાગીદારી છુટી કરી નાંખેલી હોય તે વાતનો રોષ રાખીને ઉપરોકત ત્રણેયે તેમને જુદાજુદા બે મોબાઈલ નંબરો ઉપરથી ફોન કરીને તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી યુવાનની ફરિયાદ પરથી વાંકાનેર પોલીસે ત્રણ આરોપીઓ સામે આઈપીસી કલમ ૫૦૭, અને ૧૪૪ મુજબ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

# શિવસેના દ્વારા મહીસાગર કલેકટરને આવેદનપત્ર



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૫

જીલ્લા પ્રમુખ લાલાભાઈ ગઢવી સહિત ગુલાબસિંહ ચૌહાણ અને સાધુ સંતો અને કાર્યકર્તાઓ દ્વારા એકત્રિત થઈને સરકાર ને હિંદુઓ સાથે થઈ રહેલા અન્યાય સામે યોગ્ય ન્યાયની માંગણી કરેલ હતી. શિવરાત્રી પર જૂનાગઢમાં ભવનાથનો મેળો વર્ષોથી ભરાય છે જે સરકારે કોરોનાને ધ્યાનમાં લઈને બંધ કરી દેવામાં આવ્યો છે તો લાલાભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે આ કોરોના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વખતે ક્યાં ગયો હતો રજા આપવામાં આવી હતી ??

માત્ર હિન્દુ ધર્મને જ લક્ષ્ય બનાવવામાં આવે છે એટલે ભારતીય જનતા પાર્ટી હિંદુ વિરોધી સરકાર છે. જિલ્લા પ્રમુખ શિવસેના પંચમહાલ, મહીસાગર લાલાભાઈ ગઢવી લાલાભાઈ ગઢવીએ જણાવ્યું હતુ.

# હરમડીયામાં ચંપાબેન ગીરધરલાલ મડિયા એકેડમી સ્કૂલમાં નવી કોમ્પ્યુટરલેબનું શરૂ

ચક્રવાત ટીમ ગીર ગઢડા, તા.૦૫



મૂળ હરમડિયાના વતની હાલ અત્યારે મુંબઈ રહેતા પોતાના માદરે વતનમાં ઘણા સમય પહેલા ચંપાબેન ગીરધરલાલ મડિયા એકેડેમીના નામથી સ્કૂલ ચાલે છે જેમા ચાલતા આધુનિક યુગ પ્રમાણે બાળકોને કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તે હેતુથી નવિનચંદ્રગિરધરલાલ મડિયાએ મુંબઈથી નવાં કમ્પ્યુટર મોકલ્યા. એક ગીર ગઢડા તાલુકાની સૌથી મોટી અને આધુનિક કમ્પ્યુટર લેબનું તાલુકા પંચાયત સભ્ય ભરતભાઈ શિંગડ તથા સરપંચ પ્રવિણભાઈ, મુકેશભાઈ જાની, તથા પ્રિન્સિપાલ ભરતભાઈ ચૌહાણ તેની ટીમ હસ્તે કરવામાં આવ્યું.

# આણંદ જિલ્લામાં રોજગારી હેતુ ગુજરાત રાજ્ય સેવા સમીતી દ્વારા કાર્યાલયનું ઉદ્દઘાટન



ચક્રવાત ટીમ આણંદ, તા.૦૫

ગુજરાત રાજ્ય સેવા સમિતિના અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય સુરેન્દ્રસિંહ રાજપુતના અધ્યક્ષતામાં અને તેમના માર્ગદર્શન મુજબ આખા ગુજરાતની બહેનોને આરોગ્ય અને રોજગારીના પ્રશ્નો હલ થાય તે હેતુથી ગુજરાત રાજ્ય સેવા સમિતિ દ્વારા તા૩/૩/૨૦૨૧ ના રોજ આણંદ જિલ્લા ખાતે કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું જેમાં રાષ્ટ્રીય સંગઠન મંત્રી હિમાંશુભાઈ દેસાઈ હાજર રહ્યા વધુમાં જણાવતા આણંદ જિલ્લામાં રોજગારી વિશે જાણકારી આપી અને રોજગારીમાં રૂ ની દિવેટની સો(૧૦૦) મહિલાઓને તાલીમ આપી રાષ્ટ્રીય અધ્યક્ષ સુરેન્દ્રસિંહ રાજપુત, રાષ્ટ્રીય સંગઠનમંત્રી હિમાંશુ દેસાઈ, મહિલા અધ્યક્ષ પ્રતિમા પરમાર, ઉમરેઠ તાલુકા અધ્યક્ષ ઈશા પટેલ તથા તાલીમાર્થી મહિલાઓ હાજર રહ્યા હતા.

# અમદાવાદ ટેસ્ટ દિવસ-૨ : પંતના ૧૦૦થી ભારત ૮૯ રનની લીડથી આગળ, ૨૯૪/૭



અમદાવાદ,તા.૫

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૪ ટેસ્ટ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહી છે. બીજા દિવસની રમતના અંતે ભારતે ૭ વિકેટના નુકસાને ૨૯૪ રન બનાવી લીધા છે. વી. સુંદર ૬૦ રને અને અક્ષર પટેલ ૧૧ રને રમતમાં છે. ભારતે ૮૯ રનની લીડ મેળવી લીધી છે. આજનો બીજો દિવસ પંતના નામે રહ્યો હતો. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રથમ સદી પંતે ફટકારી છે. ઈંગ્લેન્ડે તેની પ્રથમ ઈનિંગમાં ૨૦૫ રન બનાવ્યા હતા. કોહલી કેપ્ટન તરીકે ૮મી વાર શૂન્ય રને આઉટ થયો છે. આ બાબતમાં તેણે મહેન્દ્ર સિંહ ધોનીની બરોબરી કરી છે. મેચનો સંપૂર્ણ સ્કોર જોવા માટે અહીં ક્લિક કરો.

વોશિંગ્ટન સુંદર અને રિષભ પંત વચ્ચે ૧૧૩થી વધારે રનની ભાગીદારી થઈ હતી. ઋષભ પંતે ૧૧૮ બોલમાં ૧૩ ફોર અને ૨ સિક્સની મદદથી ૧૦૧ રન બનાવી આઉટ થયો હતો. પંત અને સુંદરની જોડીએ સવારથી ચૂપ બેઠેલી પબ્લિકનો પાનો ચડાવ્યો હતો.૧૧૩ રનની ભાગીદારીમાં પંતે ૭૧ રન અને વી. સુંદરે ૪૦ રન બનાવ્યા હતા.

વિકેટકીપર બેટ્સમેન પંતે ૧૭ ઈનિંગ પછી સદી ફટકારી છે. આ પહેલા તેણે ૨૦૧૯માં ઓસ્ટ્રેલિયા સામે સિડનીમાં ૧૫૯ રન બનાવ્યા હતા. બે સદી વચ્ચે તે એકવાર ૯૭ અને ૯૧ રને આઉટ થયો હતો. એક વખત ૮૯ રને અણનમ રહ્યો હતો.

પંતે કહ્યું કે, બેટિગ કરવા ગયો ત્યારે મારો પ્લાન હતો કે રોહિત શર્મા સાથે ભાગીદારી કરું. મેં નક્કી કર્યું હતું કે કન્ડિશન સમજ્યા પછી મોટો શોટ રમીશ. જો બોલર્સ સારી બોલિંગ કરે તો તેમને માન આપો અને સિંગલ લો. મને પરિસ્થિતિ પ્રમાણે રમવું ગમે છે. મારી ે જ઼ઁ એ છે કે હું બોલને જોઈને રીએક્ટ કરું છું. ટીમનો પ્લાન હતો કે ૨૦૬ થયા પછી બને એટલી લીડ મેળવીએ.

# એક જ શ્રેણીમાં બે વાર ૦ પર આઠમી વાર આઉટ થઈને ધોનીની બરાબરી કરી વિરાટ કોહલીએ



અમદાવાદ,તા.૫

ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ચાલી રહેલી અંતિમ ટેસ્ટમાં શૂન્ય રને આઉટ થયો. આ તેની ટેસ્ટ કેરિયરમાં બીજી વખત છે, જ્યારે એક જ સીરીઝમાં ૨ વખત શૂન્ય પર આઉટ થયો છે. આ પહેલાં ૨૦૧૪માં પણ તે એક સીરીઝમાં ૨ વખત શૂન્ય રને આઉટ થયો હતો. તો કેપ્ટન તરીકે વિરાટ ૮મી વખત ઝીરો પર આઉટ થયો છે. આ મામલામાં તેને મહેન્દ્ર સિંહ ધોનીની બરોબરી કરી લીધી છે.

અમદાવાદ ખાતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમા રમાતી ચોથી ટેસ્ટના બીજા દિવસે વિરાટ ખાતું ખોલાવ્યા વિના પવેલિયન પરત ફર્યો. પુજારાના આઉટ થયા બાદ વિરાટ બેટિંગ માટે આવ્યો હતો. તેણે માત્ર આઠ જ બોલ રમ્યા અને બેન સ્ટોક્સની બોલિંગમાં ફોક્સના હાથે કેચ આઉટ થયો હતો. શૂન્ય રને આઉટ થવાની સાથેજ કોહલીએ એક શરમજનક રેકોર્ડને પણ પોતાના નામે કર્યો હતો.

ઈંગ્લિશ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે તેને આ ટેસ્ટમાં વિકેટકીપર બેન ફોક્સના હાથે કેચ આઉટ કરાવ્યો છે. આ સીરીઝની બીજી ટેસ્ટમાં મોઈન અલી પણ તેને શિકાર બનાવી ચુક્યા છે. આ પહેલાં ૨૦૧૪માં ઈંગ્લેન્ડ વિરૂદ્ધની સીરીઝમાં વિરાટે ૨ ટેસ્ટમાં લિયામ પ્લંકેટ અને જેમ્સ એન્ડરસને આઉટ કર્યો હતો.

સ્ટોક્સે ટેસ્ટ કેરિયરમાં સૌથી વધુ વખત વિરાટને જ આઉટ કર્યો છે. તે વિરાટને અત્યાર સુધીમાં ૫ વખત આઉટ કરી ચુક્યો છે. તો સ્ટોક્સે ઓસ્ટ્રેલિયાના માઈકલ કલાર્કને ૪ વખત આઉટ કર્યો છે.

વિરાટની જેમ ધોની પણ કેપ્ટન તરીકે ટેસ્ટમાં ૮ વખત ઝીરો પર આઉટ થયો છે. આગામી વખત શૂન્ય પર આઉટ થતાં જ વિરાટ સૌથી વધુ ઝીરો પર આઉટ થનારો ભારતીય બેટ્સમેન બની જશે.

# બોક્સિંગ ચેમ્પિયન મૅરી કોમની એઆઈબીએનાં અધ્યક્ષા તરીકે વરણી




(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૪

છ વખત વર્લ્ડ ચૅમ્પિયન રહેલી મૅરી કોમની ઈન્ટરનેશનલ બૉક્સિગં ઍસોસિયેશન્સ (એઆઈબીએ)ની ચૅમ્પિયન્સ ઍન્ડ વૅટરન્સ કમિટીનાં અધ્યક્ષા તરીકે વરણી કરવામાં આવી છે. આ વૈશ્રિ્વક સંસ્થામાં ગયા વરસે કરવામાં આવેલા સુધારાના ભાગરૂપ આ પૅનલની રચના કરવામાં આવી છે. અનેક અવસરે એઆઈબીએની બ્રાન્ડ ઍમ્બેસેડર રહેલી મૅરી કોમને લખેલા પત્રમાં એઆઈબીએના પ્રમુખ ઉમર ક્રૅમલેવે લખ્યું હતું કે મને એ જણાવતાં આનંદ થાય છે કે એઆઈબીએના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સે મૅઈલ મારફતે મતદાન કરી (એઆઈબીએ)ની ચૅમ્પિયન્સ ઍન્ડ વૅટરન્સ કમિટીનાં અધ્યક્ષા તરીકે તમારી વરણી કરી છે. તમારા જ્ઞાન અને બહોળા અનુભવથી તમે આ મહત્ત્વની સમિતિની સફળતામાં મૂલ્યવાન યોગદાન આપશો એવો મને વિશ્ર્વાસ છે, એમ તેમણે પત્રમાં લખ્યું હતું.

# ભારત સામે ડેબ્યુ કરનાર ત્રણ ખેલાડીઓ અત્યારે બની ગયા છે બસ ડ્રાઈવર

નવી દિલ્હી,તા.૫

શ્રીલંકા અને ઝિમ્બાબ્વેએ વિશ્વ ક્રિકેટને અનેક દિગ્ગજ અને સ્ટાર ક્રિકેટર આપ્યા છે. આ બંને દેશોમાંથી નીકળેલા અનેક ક્રિકેટ સિતારાઓએ પોતાની ઓળખ બનાવી અને ટોચના ક્રિકેટરોમાં સામેલ થયા, પરંતુ આજે આ બંને દેશોની ક્રિકેટમાં સ્થિતિ અત્યંત નિરાશાજનક છે. બંને દેશ ક્રિકેટમાં પોતાની ખોવાયેલી ઓળખ પરત મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અહીં વાત કરી રહ્યા છીએ આ બંને દેશોના ત્રણ એવા ક્રિકેટરોની કે જેઓ ક્રિકેટ છોડીને હવે બસ ડ્રાઈવર બની ચૂક્યા છે.

શ્રીલંકા માટે ક્રિકેટ રમી ચૂકેલા સૂરજ રંદીવે પોતાનો વ્યવસાય હવે બદલી નાખ્યો છે. તેઓ હવે ક્રિકેટરમાંથી બસ ડ્રાઈવર બની ગયા છે. તેમણે પોતાના નવા પ્રોફેશનની શરૂઆત ઓસ્ટ્રેલિયામાં કરી છે. તેઓ મેલબર્ન સ્થિત એક ફ્રેન્ચ બેઝ્ડ કંપની ટ્રાન્સડેવમાં બસ ડ્રાઈવર તરીકે કામ કરે છે. શ્રીલંકાના પૂર્વ સ્પિનર રંદીવે વર્ષ ૨૦૧૯માં ઓસ્ટ્રેલિયા તરફ પ્રયાણ કર્યુ હતું, જ્યા તે બસ ચલાવવા ઉપરાંત એક લોકલ ક્લબમાં ક્રિકેટ પણ રમે છે. સૂરજ રંદીવે શ્રીલંકા માટે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં હિસ્સો લીધો હતો. તેઓ વર્ષ ૨૦૧૧માં ભારતમાં રમાયેલા ક્રિકેટ વર્લ્ડ કપમાં પણ શ્રીલંકન ટીમનો હિસ્સો હતા.

# સિરાજના બાઉન્સરથી ભડકેલા સ્ટોક્સે ગાળો આપતા વિરાટએ આપ્યો જવાબ




અમદાવાદ,તા.૫

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચોથી ટેસ્ટ મેચના પહેલાં દિવસ બંને ટીમના ખેલાડીઓ વચ્ચે તૂતૂ-મેં મેં થઈ હતી. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને અપશબ્દ કહ્યાં. જે વાતનો ખુલાસો પ્રથમ દિવસની રમતના અંતે સિરાજે પોતે જ કર્યો. તેને કહ્યું કે કેપ્ટન વિરાટ કોહલીએ આખા મામલાને 'સારી રીતે' હેન્ડલ કર્યો.

ઈંગ્લેન્ડના કેપ્ટન જો રૂટ આઉટ થયા બાદ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ બેટિંગ કરવા માટે આવ્યો. સિરાજે તેનું સ્વાગત બાઉન્સરથી કર્યું. આ વાત સ્ટોક્સને ખાસ પસંદ ન આવી અને તેને સિરાજને ગાળો આપી. સિરાજે આ વાત કેપ્ટન વિરાટ કોહલીને જણાવી. વિરાટે સ્ટોક્સને આ અંગે પૂછ્યું. જે બાદ બંને ખેલાડીઓ વચ્ચે થોડી ઉગ્ર ચર્ચાઓ શરૂ થઈ. અંતે બંને ખેલાડીઓને શાંત પાડવા માટે અંપાયરે મધ્યસ્થી કરવી પડી.

# લેડી ગાગા ઘર ભાડે આપવા માંગે છે, જાણો કેટલું છે ભાડું



મુંબઈ,તા.પસેલિબ્રિટીઝના આલીશાન ઘર જોઈ તમે પણ સ્તબ્ધ થઈ જશો. પરંતુ જો તમને કોઈ સેલિબ્રિટીના ઘરમાં ભાડે રહેવાની તક મળે અને એ પણ લેડી ગાગાના. જી હાં પ્રખ્યાત પોપ સિંગર લેડી ગાગાનું ન્યૂયોર્કવાળું જૂનું ઘર ભાડે મળી રહ્યું છે. જો કે તમારે આ ઘરમાં ભાડે રહેવા માટે ખિસ્સું ઢીલું કરવું પડશે.

ન્યૂયોર્ક સિટી (ફ્રીુઅિ ૈંઅ)માં લેડી ગાગા એક સમયે લોઅર ઈસ્ટ સાઈડમાં વન બેડરૂમ-વન બાથરૂમ ફ્લેટમાં રહેતી હતી. આ ફલેટ માટે ભાડુઆતની શોધ છે. પરંતુ શું તમને ખબર છે કે આ વન બેડરૂમ ફ્લેટનું ભાડું કેટલું છે? આ ઘરમાં રહેવા માટે તમારે ૨૦૦૦ ડોલર દર મહિને ચૂકવવા પડશે. એટલે કે આજના રેટથી ૧૪૫૫૧૩ રૂપિયા દર મહિને. તદઉપરાંત તમે ૧૩ મહિનાની લીઝ પર લો છો તો બે મહિના ભાડામાં છૂટ મળશે.

લેડી ગાગાનું આ જૂનું ઘર ન્યૂયોર્ક સિટીમાં ૧૭૬ સ્ટૅંટન સ્ટ્રીટ પર છે. ગાગા અહીં ત્રણ વર્ષ રહી છે. લેડી ગગાએ પોતાના સુપરહિટ આલ્બમ 'ધ ફેમ'ના તાણા વાણા અહીં જ વાવ્યા હતા. લિસ્ટિંગના મતે આ એપાર્ટમેન્ટ યુદ્ધ પહેલાં બનેલું છે. તેની સીલિંગ ૧૦ ફૂટની ઊંચાઈ પર છે. આ એપાર્ટમેન્ટમાં ઘણી બધી બારીઓ છે.

મળતી માહિતી પ્રમાણે લેડી ગાગા અત્યારે કેટલાંય ઘરોની માલકિન છે. કેલિફોર્નિયાના હોલિવુડ હિલ્સમાં તેનું એક ઘર છે. ઑસ્કર ઍવૉર્ડ મેળવી ચૂકેલ ગાગાના હોલિવુડ હિલ્સવાળા ઘરની કિંમત ૫.૨૫ મિલિયન ડોલર એટલે કે ૩૮ કરોડ ૨૧ લાખ ૮ હજાર ૩૮૭ રૂપિયા છે. આ સિવાય મલિબુ બીચની પાસે પણ તેનું એક ૨૨.૫ મિલિયન ડોલરનું ઘર છે.

લેડી ગાગા અત્યારે ઈટલીમાં છે. તે ત્યાં પોતાની નવી ફિલ્મની તૈયારી કરી રહી છે. થોડાંક દિવસ પહેલાં જ લેડી ગાગા પોતાના બે કૂતરા ચોરાઈ જતા ચર્ચામાં હતી. કેટલાંક ગુંડાઓએ લેડી ગાગાના ડોગ વોકર રેયાન ફિશરને ગોળી મારીને તેના બે બુલડોગ લઈ ભાગી ગયા હતા. જો કે બાદમાં લેડી ગાગાના બે કૂતરાને પોલીસે શોધી કાઢ્યા હતા.

# બીગ બી બચ્ચને કરાવ્યું મોતીયાનું ઓપરેશન, એક સપ્તાહનો આરામ



મુંબઈઃ બોલીવુડના સુપર ડુપર સ્ટાર્સ અમિતાભ બચ્ચન પર આજે મોતીયાનું ઓપરેશન થશે. શનિવારે બીગ-બી એ ટવીટ કરીને તેઓ સ્વાસ્થ્યના કારણોસર હોસ્પીટલમાં દાખલ થયા હોવાની માહિતી આપતા અને ઓપરેશન કરવું જરૂરી હોવાનું પણ કહેતા તેના ચાહકોમાં ચિંતાની લાગણી ફરી વળી હતી અને સસ્પેન્સ પણ ઉભો થયો હતો પણ બાદમાં બીગબીના એક મિત્રએ માહિતી આપી કે અમિતાભને આંખમાં ઝાંખપ આવવાથી તેઓને મોતિયાનું ઓપરેશન કરવું જરૂરી બનશે. બીગબીએ મેડીકલ કધડીશન્ડ તેવા દલીલથી ટવીટ કર્યુ હતું. જો કે બીગ બી ઓપરેશનના ૨૪ કલાકમાં જ ઘરે પરત આવશે અને એક સપ્તાહ આરામ કરશે. હાલમાં જ બોલીવુડમાં બાવન વર્ષ પુરા કરનાર બીગબી પાસે હજુ અનેક પ્રોજેકટ હાથ પર છે.

# સમલૈંગીક સબંધો પર ફિલ્મ બનાવવા તૈયાર થયો કાર્તિક આર્યન



મુંબઈ

શ્રીદેવી પુત્રી જાહનવી કપુર હાલ તેની આગામી ફિલ્મ 'રૂહી'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. રાજકુમાર રાવ અને વરુણ શર્મા અભિનીત આ ફિલ્મ ૧૧મી માર્ચે રિલીઝ થઈ રહી છે, આ ફીલ્મ સિવાય જાહનવી તેની કાર્તિક આર્યન સાથેની 'દોસ્તાના-૨' ફિલ્મની રજૂઆતની પણ રાહ જોઈ રહી છે.દોસ્તાના (વર્ષ ૨૦૦૮)નો વિષય જરા હટકે સમલૈંગિકનો હોવા છતાં તેને વિવેચકો તરફથી આવકાર મળ્યો હતો. જો કે ફિલ્મના નિર્માતાઓએ જણાવ્યું હતું કે 'દોસ્તાના-૨'માં કોઈ વાંધાજનક તત્વો નથી. એક મુલાકાતમાં જાહનવી કપુરે ફિલ્મ 'દોસ્તાના-૨'માં ભૂમિકા ભજવવા બદલ કાર્તિક આર્યનની પ્રશંસા કરી હતી. તેણે જણાવ્યું હતું કે સમલૈંગિકતાને સામાન્ય ઘટના તરીકે જુએ છે. જયારે સમાજ તેને લાંછન તરીકે જુએ છે. આવી ભૂમિકા ભજવવા માટે મોટાભાગના કલાકારો શરમથી આઘા ભાગે છે. કારણ કે તે સમલૈંગિકતા વિષેની છે. જાહનવી દિલ્હી ખાતે કોનોટ પ્લેસમાં ફિલ્મ 'રૂહી'ના પ્રમોશન માટે આવી હતી ત્યારે વરુણ શર્મા સાથેની તસ્વીર શેર કરી હતી. ઉલ્લેખનીય છે કે જાહનવી 'ગુડલક જેરી', 'તખ્ત' ફિલ્મમાં પણ જોવા મળ્યો.

### અમદાવાદના આંગડીયા કર્મચારીનો લૂંટારૂઓએ ઘણા સમય સુધી પીછો કર્યા બાદ લૂંટનો પ્લાન બનાવેલ

# બગોદરા નજીકની આંગડીયા લૂંટ પ્રકરણનાં ચાર આરોપી ઝડપાયા

**કર્મચારી પાસેથી રૂા.૩.૩૮ કરોડની લૂંટવા આવકવેરાના અધિકારીઓ હોવાનું નાટક કરેલ**

ચક્રવાત ટીમ, રાજકોટ તા.૫

અમદાવાદ ગ્રામ્ય પોલીસની હદમાં તા.૨૪ ફેબ્રુ.ના રોજ થયેલ રૂા.૩.૩૭ કરોડના રોકડા, દાગીના તથા હીરાની લૂંટની ઘટના સંદર્ભે અમદાવાદ ગ્રામ્ય પોલીસ વડાની સીધી દેખરેખ હેઠળ ચાલતી તપાસમાં એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન.પટેલ, એલ.સી.બી.નાં આર.જી. ખાંટ તથા મદદનીશોએ લૂંટનો ગુન્હો આચરનાર સુત્રધાર સહિત ચાર શખ્સોને પોલીસે રૂા.૪૭,૭૬,૦૧૦નાં મુદામાલ સાથે ઝીણવટભરી તપાસના અંતે ઝડપી પાડવામાં સફળતા મળેલી છે.

પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદની અમરતલાલ માધવલાલ એન્ડ કાં.ના કર્મચારી અમદાવાદથી રાજકોટ ખાતે કપડવંજ-રાજકોટ રૂટની બસમાં નીકળેલ ત્યારે બસને રાત્રીના અંધકારમાં કલ્યાણગઢ પાસે એક કાર મારફત આંતરી આંગડીયા પેઢીનાં કર્મચારી ચૈનાજી પરમારને બસમાંથી ઉતારી દોરડા વડે હાથપગ બાંધી તેના પાસે રહેલ રૂા.૩.૩૭ કરોડની માલમ્તાની લૂંટ ચલાવી ચૈનાજીને રસ્તામાં ફંકી દેવાયેલ આ ઘટનાની જાણ પોલીસમાં થતાં પોલીસ દ્વારા સમગ્ર મામલે ઝીણવટભરી તપાસના અંતે સુત્રધાર પુષ્કરસિંગ સહિત ચાર આરોપીને ઝડપી લઈ વિસ્તૃત તપાસ હાથ ધરેલ છે.



અમદાવાદ ગ્રામ્ય પોલીસની હદમાં આંગડીયા લૂંટનો કિસ્સો બહાર આવતાં જિલ્લા પોલસ વડા વિરેન્દ્રસિંઘ યાદવે લૂંટનો ભેદ ઉકેલવા ચુનંદા અધિકારીઓની ટીમને આદેશ આપેલ જેથી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.એન.પટેલ, આર.જી. ખાંટ, સબ ઈન્સ. જી.એમ. પવાર વિગેરેએ અગાઉ આસપાસમાં સર્જાયેલ આંગડીયા લૂંટની ઘટનાઓ અને તેના આરોપી ઉપરાંત સમાં આવન-જાવન કરતા કર્મચારી પાછળ રેકી કરનારાઓની શોધખોળ આદરેલી હતી.

દરમ્યાન આંગડીયા લૂંટના પ્રકરણમાં જાણભેદુ હોવા ઉપરાંત અઠંગ શખ્સોનું પરાક્રમ હોવાનું પ્રાથમિક રીતે નજરે ચડતા પોલીસે બસની પાછળ તેમજ અંદર થતી રેકી ઉપરાંત હોટલ સ્ટોપના રોકાણ આસપાસનાં ઈલેક્ટ્રોનિક સાધનોના થયેલા ઉપયોગ, સી.સી. ટી.વી ફૂટેજો વિગેરે ચકાસેલ ત્યાર બાદ લૂંટારૂઓ મૂળ ઉત્તરપ્રદેશની ભાષા બોલતા હોવાથી પોલીસે અગાઉના લૂંટારૂઓની તપાસ કરતા અગાઉ પણ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીની એક આંગડીયા લૂંટમાં સંડોવાયેલ પુષ્કરસિંઘ પોલીસની નજરમાં ચડતા અને તપાસમાં તમામ શંકાઓ તેના તરફ જતાં પોલીસ સ્ટાફે શિફત પૂર્વક પુષ્કરસિંઘ સિહતના ચાર આરોપીને ઝડપી પાડેલા છે.

**અમદાવાદ ગ્રામ્યની એસ.ઓ.જી. તથા એલ.સી.બી.ના અમલદારો તથા સ્ટાફની ઝીણવટભરી તપાસ સફળ થઈ**

# વિદાય લેતા કોરોનાનો ફરી ફૂંફાડો : ૧૦ દિવસમાં બમણી ઝડપથી ફેલાયું સંક્રમણ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૫

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જાણે ફરીથી માથું ઊચકી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. આંકડાઓ પર નજર કરીએ તો દેશમાં લગભગ ૧૮૦થી વધુ જિલ્લાઓમાં કોરોના દર્દીઓની સંખ્યા મળવાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જોકે તેમાં ૩૪ જિલ્લા એવા છે જેમાં સંક્રમણ ફેલાવાની ૧૦ દિવસમાં ઝડપ ડબલ થઈ ગઈ છે. તેમાં સૌથી વધુ મહારાષ્ટ્રના ૬ જિલ્લા, પંજાબના ૫ જિલ્લા, કેરળ અને ગુજરાતના ૪-૪ જિલ્લા તથા મધ્ય પ્રદેશના ૩ જિલ્લા સામેલ છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૮૦,૦૫,૫૦૩ લોકોને કોવિડ વેક્સીન આપવામાં આવી ચૂકી છે. બીજી તરફ, શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૬,૮૩૮ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૧૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૧૧,૭૩,૭૬૧થઈ ગઈ છે. કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૮ લાખ ૩૯ હજાર ૮૯૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧૩,૮૧૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૧,૭૬,૩૧૯ એક્ટિવ કેસો છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૧,૫૭,૫૪૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ શુક્રવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૪ માર્ચ સુધીમાં ભારતમાં કુલ ૨૧,૯૯,૪૦,૭૪૨ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.



# નરેન્દ્ર મોદી ૧૨મીએ ગુજરાત આવશે

**અમદાવાદના ગાંધી આશ્રમથી દાંડી સુધીની યોજાનાર યાત્રાને પ્રસ્થાન કરાવશે**

ચક્રવાત ટીમ, અમદાવાદ તા.૫

વડાપ્રધાન મોદી આગામી સપ્તાહે ગુજરાતની વધુ એક ટૂંકી મુલાકાતે આવનાર હોવાનો કાર્યક્રમ ઘડાય ચૂક્યો છે. તા.૧૨નાં રોજ અમદાવાદના સાબરમતિના કિનારે આવેલ મહાત્મા ગાંધી આશ્રમની મુલાકાતે નરેન્દ્ર મોદી આવ્યા બાદ સાબરમતિથી યોજાનાર દાંડી યાત્રાને તેમના દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવનાર છે.

ગાંધીજી દ્વારા આઝાદીની ચળવળ સમયે મીઠાના સત્યાગ્રહ સંદર્ભે યોજેલ યાત્રાની પ્રતિકૃતિ સ્વરૂપની આ યાત્રા ૧૨મી માર્ચથી શરૂ થશે. આ યાત્રા ૨૧ દિવસ ચાલેલી હતી.

# પાલનપુરમાં ટ્રકની અડફેટે ૩૭ ઘેટાં-બકરાઓના મોત

(જી.એન.એસ.)બનાસકાંઠા,તા.૫

બનાસકાંઠામાં પાલનપુર પાસે આજે વહેલી સવારે ઘેટાં-બકરા ભરેલો ટ્રક પલટી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૩૮ ઘેટાં-બકરાનાં કરૂણ મોત નિપજ્યા છે. અબોલ પશુઓનાં મોતથી જીવદયા પ્રેમીઓમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પાલનપુર-અમદાવાદ હાઈવે પર આજે વહેલી સવારે ઘેટાં-બકરા ભરેલો એક ટ્રક પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. ટ્રક ૨૦૭ ઘેટાં-બકરા ભરીને પાલનપુરથી અમદાવાદ તરફ જઈ રહ્યો હતો. આ સમયે પાલનપુર પાસે ડ્રાઈવરે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા ટ્રક પલ્ટી ખાઇ ગયો હતો. ટ્રક પલટી ખાતા સર્જાયેલા અકસ્માતમાં ૩૮ જેટલા ઘેટાં-બકરા ટ્રક નીચે કચડાઈ ગયા હતા.

# દેવામાં ડૂબતી સરકાર ઉત્સવપ્રેમી ગત એક વર્ષમાં ૪૦ કરોડનો ખર્ચ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૫

ઉત્સવ પ્રિય ગુજરાત સરકારે નવરાત્રિ, પતંગોત્સવ અને રણોત્સવ પાછળ ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪૦.૨૯ કરોડનો ખર્ચ કર્યો છે. વર્ષ ૨૦૨૦માં કોરોનાને કારણે નવરાત્રિ મહોત્સવ ઉજવાયો ન હતો. જેના કારણે કોઈ ખર્ચ થયો નથી. ૨૦૧૯ની સરખામણીએ ૨૦૨૦માં પતંગોત્સવ પાછળના ખર્ચમાં ઘટાડો થયો છે. જો કે રણોત્સવના ખર્ચમાં વધારો થયો છે.



ગુજરાત વિધાનસભામાં રાજ્યના પ્રવાસન વિભાગે કોંગ્રેસના લેખિત સવાલના જવાબમાં જણાવ્યું કે રણોત્સવ પાછળ વર્ષ ૨૦૧૯માં ૫.૧૨ કરોડ રૂપિયા વાપર્યા હતા. જો કે ૨૦૨૦માં આ ખર્ચ વધીને ૮.૬૬ કરોડ આસપાસ હતો. પતંગોત્સવમાં ૨૦૧૯માં ૭.૪૯ કરોડનો ખર્ચ કરાયો અને ૨૦૨૦માં ૭.૦૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. નવરાત્રિ મહોત્સવમાં ૨૦૧૯માં ૧૧.૯૭ કરોડ વાપરવામાં આવ્યા હતા. જો કે વર્ષ ૨૦૨૦માં કોરોનાકાળ હોવાથી રાજ્ય સરકારે નવરાત્રિ મહોત્સવનો કાર્યક્રમ રદ કર્યો હતો.

# આણંદમાં આર્થિક તંગીથી કંટાળી માતા-પુત્રનું મોત, પુત્રી સારવારમાં

(જી.એન.એસ.)આણંદ,તા.૫

છેલ્લો એક અઠવાડિયો ગુજરાતમાં આત્મહત્યાની ઘટનાઓનો રહ્યો છે. આયશા અને વડોદરાના સામૂહિક આત્મહત્યાનો કિસ્સો હજી તાજો જ છે. ત્યાં આણંદમાં સામૂહિક આત્મહત્યાનો બનાવ બન્યો છે. જોકે વડોદરાના સોની પરિવારની જેમ જ આણંદની મહિલાએ આર્થિક સંકડામણથી કંટાળીને આત્મહત્યા કરી છે તેવી પ્રાથમિક માહિતી મળી છે. આ આત્મહત્યા કેસમાં મહિલા અને પુત્રનુ મોત નિપજ્યું છે. તો ૧૫ વર્ષીય પુત્રી હાલ સારવાર હેઠળ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આણંદમાં સામૂહિક આત્મહત્યાનો બનાવ બન્યો. આણંદની જીવનદીપ સોસાયટીમાં શાહ પરિવારના ત્રણ સદસ્યોએ આત્મહત્યા કરી છે.

મહિલાએ પોતાના પુત્ર અને પુત્રી સાથે આત્મહત્યા કરી છે. જોકે, માતાએ બંને સંતાનો સાથે કેમ આત્મહત્યા કરી તે તપાસનો વિષય છે. જીવનદીપ સોસાયટીના ૫૧ નંબરના મકાનમાં રહેતી ૩૮ વર્ષીય મહિલા ટીનાબેન પ્રકાશભાઈ શાહે પોતાના બંને બાળકો સાથે મોતનું પગલુ ભર્યું હતું. વિદ્યાનગરમાં આવેલ મીત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય ધરાવતા પરિવારે આર્થિક તંગીના કારણે આ પગલુ ભર્યુ છે. જેમાં તેમનો પુત્ર મિત પ્રકાશ શાહ (ઉંમર ૧૨ વર્ષ) નું મોત થયું છે. તો સૃષ્ટિ પ્રકાશ શાહ (ઉંમર ૧૫ વર્ષ) બચી ગઈ છે.

પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણથી આત્મહત્યા કરાઈ હોય તેવુ લાગે છે. હાલ આણંદ ટાઉન પોલીસે તપાસ હાથ ધરી છે.

# નિયમો તો બનાવ્યા પરંતુ નિયમન ક્યારે? ૧.૩૩ કરોડના ઈ-મેમો ઉઘરાવવાના બાકી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૫

અમદાવાદ શહેરમાં ટ્રાફિકના નિયમોના પાલન માટે ઈ-મેમો ફટકારવા વિવિધ ટ્રાફિક સિગ્નલો ઉપર સીસીટીવી કેમેરા લગાવાયા હતા. જેમાં પાંચ વર્ષમાં ટ્રાફિકના નિયમોના ભંગ બદલ પોલીસ દ્વારા કુલ ૬૦ લાખ ઈ મેમો આપીને રૂ.૧૭૬ કરોડનો દંડ ફટકાર્યો છે. જેમાંથી હજુ સુધી અધધધ રૂ.૧૩૩ કરોડના ઈ-મેમો ભરવાના બાકી છે. સૌથી વધુ સ્ટોપ લાઈન ભંગ બદલ રૂ.૧૨૬ કરોડના દંડ પૈકી રૂ.૨૮ કરોડનો દંડ જ ભરાયો છે. જ્યારે હેલ્મેટ નહીં પહેરવા બદલ અત્યાર સુધી ૩૦ કરોડનો દંડ ફટકારાયો છે. એટલે અમદાવાદીઓ વાહન ચલાવતી વેળા નિયમોનું પાલન કરવામાં બેદરકારી દાખવતા હોવાથી પાંચ વર્ષમાં અધધધ કરોડો રૂપિયાનો દંડ ફટકારાયો છે.આમ પાંચ વર્ષમાં પોલીસે નિયમોના ભંગમાં અમદાવાદીઓને કુલ ૧૭૨ કરોડનો દંડ આપ્યો છે. જેમાં માત્ર ૪૨ કરોડ જ જમા થયા છે. જ્યારે ટ્રાફિકના નિયમોનો ૧૩૩ કરોડનો દંડ ભરવાનો બાકી છે. એટલે અમદાવાદીઓનાં માથે ઈ મેમોનું ૧૩૩ કરોડનું દેવું છે.



# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આ વર્ષે ઉનાળો આકરો રહેવાની હવામાન વિભાગની આગાહી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૫

હવામાન વિભાગે આગાહી આપી હતી કે, ઉનાળાના ચાર મહિના દરમિયાન તાપમાન સામાન્ય કરતા વધુ રહેશે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં બદલાવ આવી શકે છે અને સાથે જ ગરમી વધી પણ શકે છે. હાલની પરિસ્થિતિ પરથી આગામી દિવસોમાં ગરમી વધવાની પૂરેપૂરી સંભાવના જોવા મળી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક સાથેની વાતચીત દરમિયાન જાણવા મળ્યું હતું કે, અલ નીનો હિંદ મહાસાગરમાં દુશ્મન થશે અને તેના કારણે ગરમીમાં સૌથી વધુ અસર જોવા મળશે.



તો બીજી તરફ ભારતના અનેક વિસ્તારો એવા છે કે, જ્યાં આગળ સૌથી વધુ ગરમીની અસર જોવા મળશે. ગુજરાત રાજ્યમાં સામાન્ય તાપમાનની જો વાત કરીએ તો, કચ્છના ભુજ વિસ્તારમાં સૌથી વધારે ગરમીની અસર માર્ચ મહિનાની શરૂઆતથી જ જોવા મળી રહી છે. ૩૮.૭ ડિગ્રી તાપમાન સાથે ભુજ સૌથી ગરમ શહેર કહી શકાય તેમ છે. ત્યારબાદ મહુવામાં ૩૮.૪, ડીસામાં ૩૮.૨, અમરેલીમાં ૩૮.૨, સુરેન્દ્રનગરમાં ૩૮, અમદાવાદમાં ૩૬.૫, ગાંધીનગરમાં ૩૬.૮, રાજકોટમાં ૩૭.૭, વડોદરામાં ૩૭ અને સુરતમાં ૩૬.૮ ડિગ્રી તાપમાન માર્ચ મહિનો શરૂ થતા નોંધાઈ ચૂક્યું છે. હાલની પરિસ્થિતિ પ્રમાણે જોવા જઈએ તો આગામી દિવસોમાં તાપમાનમાં વધારો થાય તો કોઈ જ નવાઈ નહીં.

# રાજકોટ શહેરમાં પાંચ વોર્ડમાં આજે પાણી વિતરણ નહીં થાય

**વિજળી ફિલ્ટર પ્લાન્ટની સફાઈ કે પાઈપ લાઈનના મરામત જેવા બહાના વારંવાર રજૂ થાય છે**

ચક્રવાત ટીમ, રાજકોટ તા.૫

રાજકોટ મહાનગર પાલિકાનાં સત્તાધીશોની સ્પષ્ટ અણઆવડત અનુભવ અને આયોજનના અભાવના કારણે શહેરીજનો પર અવારનવાર સીધો કે આડકતરો પાણી કાપ ઝીંકવામાં આવતો રહ્યો છે. છેલ્લા અઢી દાયકાથી ભાજપ સત્તામાં હોવા છતાં પાણી વિતરણ એક પણ દિવસ કાપ વગર થતું રહે તેવું ભવિષ્યનું આયોજન કરવામાં સત્તાધીશો સતત ઉણા ઉતરી રહ્યા છે. એક તરફ શહેરનાં મોટાભાગનાં વિસ્તારોમાં અપુરતા દબાણથી માથાદીઠ સરેરાશ વિતરણ કરતાં પણ અળધુ પાણી મળતું હોવાની વ્યાપક ફરીયાદો બાદ પણ તંત્ર તેની કામગીરી સુધારવા તૈયાર નથી!

રાજ્યમાં ઉનાળાનો પ્રારંભ દરવાજો ખટખટાવી રહ્યો છે ત્યારે જ મહાપાલિકાની ચૂંટણી સંપન્ન થયા બાદ એક પખવાડીયામાં સત્તાવાર શનિવારે ત્રીજો કાપ જાહેર કરાયેલ છે. આજે શહેરનાં ૫ વોર્ડમાં શહેરીજનોને ટેકનીકલ કારણોસર પાણી વિતરણ નહીં કરવામાં આવે.

મહાપાલિકાની સત્તાવાર યાદી અનુસાર આવતીકાલે શનિવારે શહેરનાં વોર્ડ નં.-૨, ૭, ૮, ૧૦ અને ૧૧નાં શહેરીજનો ખોબલે ખોબલે મતો આપ્યા! બાદ એક દિવસ પાણીથી વંચિત રહેવું પડશે!

# અમદાવાદમાં વહેલી સવારે વૃદ્ધ દંપત્તિની ઘાતકી હત્યા કરી આરોપીઓ ફરાર

અમદાવાદ,તા.૫

અમદાવાદ શહેરના સોલા વિસ્તારમાં શાંતિવન પેલેસના વૈભવી બંગલોમાં રહેતા બે સિનિયર સિટિઝન એવા અશોક પટેલ અને જ્યોત્સના પટેલ નામના દંપતીની ઘાતકી હત્યા કરી દેવામાં આવી છે. શુક્રવારે સવારે બનેલી આ ઘટનામાં પોલીસે હાલ ચોરી કે લૂંટના ઈરાદે હત્યા કરાયાની શંકાથી પ્રાથમિક તપાસ શરુ કરી છે.હત્યારાઓ હત્યા બાદ વૃદ્ધની જ કાર લઈને ભાગવાના હતા, પરંતુ કાર ચાલુ કરતા કારમાં રિવર્સ ગેરની જગ્યાએ ફર્સ્ટ ગેર પડતા કાર બે પગથિયાં ચડીને દરવાજા સાથે ભટકાઈ હતી.જેથી આરોપીઓ ભાગ્યા હતા. આ હત્યારાઓને કારની ચાવી વિશે પણ જાણ હતી, જેથી તેઓએ અગાઉથી રેકી કરી હોવાની શક્યતા હાલ પોલીસ સેવી રહી છે.



ઝાયડ્સથી બાગબાન પાર્ટીપ્લોટ તરફ જતા રસ્તા પર આવેલી શાંતિવન પેલેસના વૈભવી બંગલોમાં રહેતા વૃદ્ધ દંપતીનો દીકરો હેતાર્થ પટેલ દુબઈ અને દીકરી મેઘા સાસરે હોવાથી આ દંપતી એકલું રહેતું હતું. રોજની જ્યોત્સનાબેન સવારે વહેલા મૉર્નિંગવોક પર ગયા હતા અને તે સમયે ગુનેગારો ઘરમાં ઘુસી ગયા હોવાની આશંકા પોલીસ સેવી રહી છે. ત્યાર બાદ જોશના બા(પડોશીઓ જોશના બા કહીને સંબોધે છે) પરત આવ્યા ત્યાર બાદ પાડોશી મનિષાબને સાથે પાપડી બનાવવા માટે વાત કરી હતી. પરંતુ થોડા સમયમાં તો તેમના મોતની ખબર સામે આવતા પાડોશીમાં









# વંથલી તાલુકા પંચાયતમાં સત્તા પ્રાપ્તિ માટે ભાજપ-કોંગ્રેસ મક્કમ

**તાલુકાની ૧૬ બેઠકોમાંથી બન્ને પક્ષોને આઠ-આઠ બેઠક મળતાં સત્તા માટેની ખેંચતાણ શરૂ**

ચક્રવાત ટીમ, જૂનાગઢ તા.૫

તાજેતરમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીનાં પરિણામો જાહેર થતાં અસંખ્ય જિલ્લા, તાલુકા પંચાયત અને પાલિકામાં ભાજપને ધારણા કરતાં પણ વધુ બેઠકો મેળવી ધીંગી બહુમતિ પ્રાપ્ત કરેલ છે. પરંતુ જૂનાગઢ જિલ્લાની વંથલી તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસ બન્નેમાંથી કોઈપણ પક્ષ પાસે સાદી બહુમતિ મળેલ નથી. બન્ને પક્ષનાં ફાળે ૮-૮ બેઠકો આવેલ હોવાથી બહુમતિ પ્રાપ્ત કરવા બન્ને પક્ષમાંથી ખેંચતાણ શરૂ થયેલ છે.

તાલુકા પંચાયતમાં ભાજપ કે કોંગ્રેસ પાસે સાદી બહુમતિ ન હોવાથી બહુમતિ માટેનો આંકડો ૯ કે તેથી વધુ પ્રાપ્ત કરવા બન્ને તરફથી રસ્સાખેંચ સ્પર્ધા શરૂ થવા પામેલ છે.

વંથલી તાલુકા પંચાયતમાં સત્તા પ્રાપ્તિ માટે અને પોતાના સભ્યોને હરીફ પક્ષ દ્વારા લોભ, લાલચ અને પ્રલોભનો અપાતા હોવાના દાવા વચ્ચે બન્ને પક્ષનાં સ્થાનિક આગેવાનો પોતાનો એકપણ સભ્ય તૂટશે નહીં તેવી ડંફાસ હાંકે છે. પરંતુ સત્તા પ્રાપ્તિ માટે બેમાંથી ગમે તે એક પક્ષમાં રાજકીય ભંગાણ સર્જાય તે નિશ્ચિત છે.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)